સુવિચાર

અવગુણ હોડીમાં થયેલા છિદ્ર જેવા છે, જે એક દિવસ હોડીને ડુબાડી જ દે છે...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક



મેટોડા જીઆઈડીસીમાં ગાંજાના જથ્થા સાથે પેડલર ઝડપાયો: રૂ.૨.૬૩ લાખનો મુદ્દામાલ કબ્જે P-4

Year-16, Issue-278 ■ DATE : 11-03-2026 WEDNESDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# દેશમાં પ્રથમ ઈચ્છા મૃત્યુને મંજુરી આપતી સુપ્રીમ કોર્ટ

**૩૧ વર્ષના હરેશ રાણા ૨૦૧૩ માં હોસ્ટેલની ઈમારતના ચોથા માળેથી ગબડી પડતા ૧૦૦ ટકા દિવ્યાંગતા સાથે કોમામાં ચાલ્યા ગયા હતા : પેસીવ યુથેનેશીયાના ૨૦૧૮ નો કાનૂનનો ઉપયોગ કરાયો : ચુકાદો સંભળાવતા ભાવુક થયા જસ્ટિસ પારડીવાલા**





**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

સુપ્રીમ કોર્ટે એક ઐતિહાસિક ચુકાદામાં ૧૩ વર્ષથી કોમામાં રહેલા એક વ્યક્તિને દયા મૃત્યુની મંજુરી આપી છે. જસ્ટીસ જે.બી.પારડીવાલા અને જસ્ટીસ કે.એચ.વિશ્વનાથનની ખંડપીઠે હરિશ રાણા નામના વ્યક્તિની શારીરિક હાલત અંગે દિલ્હીની ઓલ ઈન્ડીયા ઈન્સ્ટીટયુટ ઓફ મેડીકલ સાયન્સનો રિપોર્ટ મંગાવ્યો હતો.

તેમાં રાણાના સ્વસ્થ થવા અંગે કોઈ આશા નહી હોવાનું તારણ આપતા જ સુપ્રીમ કોર્ટે તેને પેસીવ યુથેનેશીયા એટલે કે ગરીમાપૂર્ણ મૃત્યુની મંજુરી આપી છે. હરીશ છેલ્લા ૧૩ વર્ષથી પથારીવશ છે અને તે કોમામાં છે. છેલ્લી સુનાવણી સમયે સુપ્રીમકોર્ટે તેમના કુટુંબીજનો સાથે પણ વાત કરી હતી અને ૧૦૦ ટકા દિવ્યાંગતાનો શિકાર બનેલા હરિશ રાણાના માતા-પિતાએ જ તેના પુત્રને દયા મૃત્યુ આપવાની માંગ કરી હતી.

સર્વોચ્ચ અદાલતે જણાવ્યું કે, આ એક બેહદ દુઃખદ ચુકાદો છે અને તે લખવામાં પણ અમને મુશ્કેલી પડી રહી છે પરંતુ આ છોકરાને અમે અપાર દુઃખમાં રાખી શકીએ નહી અને તેથી તેને દયા મૃત્યુની મંજુરી આપીએ છીએ.

૨૦૧૩માં હરીશ ચંદીગઢમાં રહીને અભ્યાસ કરતો હતો તે સમયે તે હોસ્ટેલના ચોથા માળથી અચાનક જ નીચે પડયો હતો અને માથામાં ગંભીર ઈજા થઈ હતી તથા શરીરમાં પણ અનેક ઘા લાગ્યા હતા અને ત્યારથી તે અચેત અવસ્થામાં છે અને ૧૦૦ ટકા દિવ્યાંગતાનો શિકાર બનેલા છે. સતત પથારીમાં પડયા રહેવાથી તેના શરીરમાં અનેક પ્રકારના ઘાવ પણ ઉંડા બની ગયા છે.

એઈમ્સના રિપોર્ટમાં જણાવાયું હતું કે, હરીશને સ્વસ્થ કરી શકાય તેવી કોઈ શકયતા નથી. હરીશના માતા-પિતાએ બાદમાં દયા મૃત્યુ માટેની અરજી કરી હતી. તેમણે જણાવ્યું હતું કે ૧૩ વર્ષથી અમે તેની સારવાર માટેની તમામ શકયતાઓ ચકાસી છે અને તમામ સ્થળોથી અમોને એક જ જવાબ મળ્યો છે. જે એઈમ્સના રિપોર્ટમાં પણ સામેલ છે.

આમ હરીશ માટે સુપ્રીમ કોર્ટે જણાવ્યું કે સારવારના નામે તેને પીળા સહન કરવા દેવી તે માનવતાની વિરૂદ્ધ છે અને તમામ કાનુની પ્રક્રિયા પણ અમે અહી બંધ કરીએ છીએ. હોસ્પીટલ સૂત્રોના જણાવ્યા મુજબ હરીશને જે રીતે લાઈફ સપોર્ટ સીસ્ટમ પર રખાયો છે તે સીસ્ટમ હવે ચુકાદો લેખીતમાં હોસ્પીટલતંત્રને મળતા તે સીસ્ટમ બંધ કરી દેવાશે.

સર્વોચ્ચ અદાલત એ આજે આ ચુકાદો આપતા સમયે પણ અત્યંત માનવીય અભિગમ અપનાવ્યો હતો. જસ્ટીસ જે.બી.પારડીવાલાની ખંડપીઠે લખ્યું કે અમે આ વ્યક્તિને સતત પીડામાં રહેવા દઈ શકીએ નહી. તબીબી સારવારના તમામ દરવાજા બંધ થઈ ગયા છે અને હવે તેને કૃત્રિમ સપોર્ટ પર જીવિત રાખવો એ માનવતા વિરૂદ્ધ ગણાશે.

અમારા માટે પણ આ નિર્ણય અત્યંત દુઃખદ છે અને લખતા પણ પીડા થાય છે છતાં પણ આ કેસમાં જે કલીનીકલી આસીસ્ટેડ મૃત્યુ છે તેને મંજુરી અપાઈ છે અને દર્દીના શ્રેષ્ઠ હીતમાં છે તે પણ સાબીત થાય છે. દર્દીને વ્યક્તિગત નહી પણ મેડીકલ ઈન્ટરવેશન મારફત જ સારવાર મળી શકે છે તેનો અર્થ છે કે હવે મેડીકલ ઈફેકટના સિદ્ધાંતમાં અદાલતે હસ્તક્ષેપ કરવો જરૂરી છે અને અમે તે સ્વીકાર્ય ગણીએ છીએ.

## Petrol & Diesel Rate

| | |
|---|---|
| પેટ્રોલ | રૂ. ૯૪.૪૮/લીટર |
| ડીઝલ | રૂ. ૯૦.૧૯/લીટર |
| CNG | રૂ. ૮૦.૨૬/કિલો |




| Today Rate | સોનુ | ચાંદી |
|---|---|---|
| | ₹૧,૬૩,૩૬૦ | ₹૨,૯૦,૦૦૦ |
| | +૯૩૦ | ૦ |
| | (૧૦ ગ્રામ, ૨૪ કેરેટ) | (૧ કિલો) |

| ડોલર | પાઉન્ડ |
|---|---|
| ₹૯૧.૯૬ | ₹૧૨૩.૬૭ |

# અમેરિકા-ઈરાન વચ્ચેના સંઘર્ષના પરિણામે હોર્મુઝ સ્ટ્રેટ નજીક ૩૭ ભારતીય જહાજો ફસાયા

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

અમેરિકા-ઇઝરાયલ-ઈરાન સંઘર્ષને કારણે હોર્મુઝ સ્ટ્રેટ નજીક ઘણા ભારતીય જહાજો ફસાયા છે, જેના કારણે કાર્ગો સલામતી, ક્રૂ સુરક્ષા અને ઉર્જા પુરવઠા અંગે ચિંતા વધી રહી છે.ખલીજ ટાઈમ્સના અહેવાલ મુજબ, યુએસ-ઈઝરાયલ-ઈરાન યુદ્ધને કારણે હોર્મુઝ સ્ટ્રેટ પાસે ઘણા ભારતીય જહાજો ફસાયેલા છે, જેના કારણે કાર્ગો સલામતી, ક્રૂ સુરક્ષા અને ઉર્જા પુરવઠા અંગે ચિંતાઓ ઉભી થઈ છે. અહેવાલ મુજબ, હાલમાં આ વિસ્તારમાં આશરે ૩૭ ભારતીય ધ્વજવાળા જહાજો ફસાયેલા છે, જે ૧૦,૦૦૦ કરોડ રૂપિયાથી વધુનો કાર્ગો વહન કરે છે. આ શિપિંગ સંપત્તિઓ સુરક્ષાના જોખમમાં છે. આમાંના ઘણા જહાજો તેલ અથવા ગેસ વાહક છે. આ જહાજો ભારતીય બંદરો પર ક્રૂડ તેલ અને લિક્વિફાઇડ પેટ્રોલિયમ ગેસ વહન કરે છે.




અહેવાલ મુજબ, ભારતીય રાષ્ટ્રીય શિપમાલિક સંગઠનએ બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રાલયને પત્ર લખીને તાત્કાલિક સરકારના હસ્તક્ષેપની માંગ કરી છે. જહાજોના ફસાયેલા રહેવાનું કારણ આવશ્યક શિપિંગ માર્ગોના નાકાબંધી-શૈલીના બંધે હોવાનું માનવામાં આવે છે.

અહેવાલમાં વધુમાં જણાવાયું છે કે શિપમાલિક સંગઠને સરકારને એવા અહેવાલો સ્પષ્ટ કરવા પણ કહ્યું છે કે ચીની અને ઈરાની જહાજો હજુ પણ સ્ટ્રેટમાંથી પસાર થઈ રહ્યા છે. આનાથી ભારતીય ઓપરેટરોમાં મૂંઝવણ ઊભી થઈ છે કે શું તે પરિવહન માટે સલામત છે.

એસોસિએશને ચેતવણી આપી છે કે આ પરિસ્થિતિ ભારતના ઇંધણ પુરવઠાને અસર કરી શકે છે. ભારતની લગભગ ૮૫% એલપીજી આયાત હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થાય છે. આનો અર્થ એ છે કે લાંબા સમય સુધી બ્લોક થવાથી સપ્લાયમાં વિક્ષેપ પડી શકે છે.

# ઈરાન પાસે પરમાણુ હથીયાર બનાવવા માટેની સામગ્રીઃ ચોકાવનારો ખુલાસો

**મુખ્ય સમાચાર, તહેરાન**

અમેરિકા અને ઈઝરાયેલે સાથે મળીને ઈરાન પર હુમલો કર્યો તો તેના માટે સૌથી મોટું કારણ એ બતાવવ-ામાં આવેલું કે ઈરાન પાસે પરમાણુ હથિયાર બનાવવા માટેની સામગ્રી છે.

હવે સંયુક્ત રાષ્ટ્રની પરમાણુ દેખરેખ સંસ્થા ઈન્ટરનેશનલ એટોમિક એનર્જી એજન્સી (આઈએઈએ)ના પ્રમુખ રાફેલ ગ્રોસીએ એક ચોંકાવનારો ખુલાસો કર્યો છે કે ઈરાનનો લગભગ અડધો અડધ યુરેનિયમ ઈસ્ફહાન વિસ્તારમાં જમીન નીચે બનેલી સુરંગમાં રાખ્યો હતો અને બની શકે કે તે હજુ પણ ત્યાં હોય.

અમેરિકા-ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે છેડાયેલા યુદ્ધ દરમિયાન ગ્રોસીએ જણાવ્યું હતું કે, યુરેનિયમ ૬૦ ટકા શુદ્ધતા સુધી એનરિચ કરાઈ ચૂકયું છે અને તેનાથી પરમાણુ હથિયાર બનાવવું વધુ મુશ્કેલ નથી.

આઈએઈએનું અનુમાન છે કે, ગત વર્ષે યુદ્ધ શરૂ થવા દરમિયાન ઈરાન પાસે ૪૪૦.૯ કિલોગ્રામ આવું યુરેનિયમ હતું, જે થોડું સંવર્ધિત થવા પર ૧૦ પરમાણુ બોમ્બ બનાવવા માટે પૂરતું છે.

ઈરાનમાં મુખ્યત્વે ત્રણ પરમાણુ કેન્દ્ર છે. ઈસ્ફહાન, નતાજ અને ફોર્ડો. ગત વર્ષે જૂનમાં અમેરિકાએ ઓપરેશન મિડનાઈટ હેમર ચલાવીને ઈરાનના પરમાણુ ઠેકાણા પર હુમલા કર્યા હતા. ફોર્ડો પર તો બી-૨ બોમ્બરોએ ૩૦-૩૦ હજાર પાઉન્ડના બંકર બસ્ટર બોમ્બ વરસાવ્યા હતા, જે જમીનથી ૨૦૦ ફુટ નીચે સુધી તબાહી મચાવવામાં સક્ષમ છે.

## યુદ્ધની પરિસ્થિતિ વચ્ચે એર ઇન્ડિયામાં વિમાન પ્રવાસ મોંઘો બન્યો

મધ્ય પૂર્વમાં અમેરિકા-ઇઝરાયેલ તથા ઇરાન વચ્ચે ચાલી રહેલા ભીષણ યુધ્ધની વિવિધ ક્ષેત્રે પર ગંભીર અસર થઇ જ રહી છે જ્યારે હવે એરલાઇન્સ કંપની એર ઇન્ડિયામાં વિમાન પ્રવાસ મોંઘો થયો છે. એર ઇન્ડિયાએ ઘરેલું તથા અમુક ઇન્ટરનેશનલ રૂટ પર ફ્યુઅલ સરચાર્જ નાખવાની જાહેરાત કરી છે. મધ્ય પૂર્વના યુધ્ધને કારણે ઇંધણ મોંઘું થયું છે અને સપ્લાયમાં મુશ્કેલીની ભીતિ છે. એરલાઇન્સે કહ્યું કે વિમાનના ઓપરેશન ખર્ચમાં ૪૦ ટકા હિસ્સો માત્ર ઇંધણનો હોય છે અને તેમાં ભાવવધારો છે. એર ઇન્ડિયાની જાહેરાત પ્રમાણે આવતીકાલથી ૧૨ માર્ચ-થનારા તમામ ડોમેસ્ટીક અને દક્ષિણ એશિયન દેશો માટેના બુકીંગમાં રૂા.૩૯૯ના ફ્યુઅલ સરચાર્જ લાગૂ થશે. પશ્ચિમ એશિયાના દેશોની ફ્લાઇટમાં ૧૦ ડોલરનો સરચાર્જ રહેશે. દક્ષિણ પૂર્વિય એશિયન રાષ્ટ્રોના રૂટ પરનો સરચાર્જ ૪૦ ડોલરથી વધારીને ૬૦ ડોલર તથા આફ્રિકન દેશોના રૂટ પર ૬૦ ડોલરવાળો ૯૦ ડોલર કરાયો છે. આ ઉપરાંત ૧૮ માર્ચથી યુરોપિયન રૂટ પરને સરચાર્જ ૧૦૦ ડોલરથી વધારીને ૧૨૫ ડોલર તથા ઓસ્ટ્રેલિયા-ઉતરીય અમેરિકાના રૂટ પર ૧૫૦ ડોલરવાળો ૨૦૦ ડોલર થશે.

# ઓઈલ અને ગેસ બાદ હવે દવાઓની અછત સર્જાવવાની સંભાવના

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

પશ્ચિમ એશિયામાં ઈઝરાયલ અને ઈરાન વચ્ચે વધી રહેલા તણાવની અસર હવે સીધી ભાર-તીયોના ખિસ્સા પર પડવાની તૈયારીમાં છે. અમેરિકી અને ઈઝરાયલી હુમલા બાદ સર્જાયેલી યુદ્ધની સ્થિતિને કારણે વૈશ્વિક સપ્લાય ચેઈન ખોરવાઈ ગઈ છે. જેની ગંભીર અસર ભારતના દવા ઉદ્યોગ પર જોવા મળી રહી છે. રિપોર્ટ્સ અનુસાર, દવા બનાવવા માટે વપરાતા કાચા માલની કિંમતોમાં તોતિંગ વધારો થયો છે.

ફાર્મા ઉદ્યોગના નિષ્ણાતોના જણાવ્યા અનુસાર, દવા બનાવવા માટે અનિવાર્ય એવા કી સ્ટાર્ટિંગ મટિરિયલ () અને એક્ટિવ ફાર્માસ્યુટિકલ ઈન્ગ્રેડિયન્ટ્સના ભાવમાં છેલ્લા એક અઠવાડિયામાં ૫% થી લઈને ૧૦૦% સુધીનો ઉછાળો આવ્યો છે. વૈશ્વિક અસ્થિરતા અને ડોલરના ભાવમાં વધઘટને કારણે આયાત કરવી મોંઘી બની રહી છે.



ફાર્મા ઉદ્યોગમાં કાચા માલનો વેપાર ડોલરમાં થાય છે. યુદ્ધની સ્થિતિમાં ડોલર મજબૂત થતા આયાત પાછળનો ખર્ચ વધી ગયો છે. આટલું ઓછું હોય તેમ મુખ્ય દરિયાઈ રસ્તાઓ યુદ્ધને કારણે બંધ અથવા જોખમી બન્યા છે. જહાજો અને કન્ટેનરો સમયસર બંદરો પર પહોંચી રહ્યા નથી, જેના કારણે લોજિસ્ટિક્સ ખર્ચમાં પણ ૨૦ થી ૨૫ ટકાનો વધારો થયો છે. ભારત તેની જરૂરિયાતનું ૬૫ થી ૭૦ ટકા અને ઈન્ટરમીડિએટ્સ ચીનથી મંગાવે છે, પરંતુ વૈશ્વિક પરિવહન ઠપ્પ થતા આ સપ્લાય ખોરવાયો છે.

ઉદ્યોગ જગતના અગ્રણીઓએ ચેતવણી આપી છે કે, જો યુદ્ધ લાંબુ ચાલશે તો બજારમાં જીવનરક્ષક દવાઓની અછત સર્જાઈ શકે છે. હાલમાં નાના વેપારીઓ અને સપ્લાયરો પાસે સ્ટોક હોવા છતાં તેઓ યુદ્ધની સ્થિતિનો ફાયદો ઉઠાવી કિંમતો વધારી રહ્યા છે. અનેક ટ્રેડરોએ નવા ઓર્ડર લેવાનું પણ બંધ કરી દીધું છે. જો સ્થિતિ જલ્દી કાબૂમાં નહીં આવે, તો સામાન્ય માણસ માટે તાવ, શરદીથી લઈને ગંભીર બીમારીઓની દવાઓ ખરીદવી મોંઘી સાબિત થશે.

# શારીરિક સંબંધ બાદ લગ્નનો ઈન્કાર કરવો તે બળાત્કાર ગણાતો નથી : હાઈકોર્ટ

**મુખ્ય સમાચાર, બેંગલુરુ**

બળાત્કારના એક કેસની સુનાવણી દરમિયાન કર્ણાટક હાઈકોર્ટે મહત્વપૂર્ણ ટિપ્પણી કરી છે. કોર્ટે કહ્યું કે જો બે પુખ્ત વયના લોકો લાંબા સમય સુધી પોતાની મરજીથી સંબંધમાં રહેતા હોય અને પરસ્પર સંમતિથી શારીરિક સંબંધ બનાવતા હોય, તો પછી લગ્નથી ઈનકાર કરવાથી તે આપમેળે બળાત્કાર ગણાતો નથી. કોર્ટ મુજબ આવું બનવું દુખદ અથવા નૈતિક રીતે ખોટું હોઈ શકે, પરંતુ કાયદા મુજબ તે ગુનો નથી.

આ નિર્ણય ન્યાયમૂર્તિ એમ. નાગપ્રસન્નાની બેન્ચે બળાત્કારના એક કેસની સુનાવણી દરમિયાન આપ્યો હતો. કોર્ટએ સ્પષ્ટ કર્યું કે કાયદો દિલ તૂટવુંને ગુનો માનતો નથી. એટલે કે જો કોઈ સંબંધમાં પછી મન બદલાઈ જાય અથવા લગ્ન ન થાય, તો દરેક મામલો આપમેળે ફોજદારી ગુનો બની શકતો નથી.




આ કેસ એક મહિલાની ફરિયાદથી શરૂ થયો હતો. મહિલાએ એક પુરુષ પર બળાત્કારનો આરોપ મૂક્યો હતો. બંનેની મુલાકાત આયર્લેન્ડમાં થઈ હતી અને તેઓ લગભગ બે વર્ષ સુધી સંબંધમાં રહ્યા હતા. આ દરમિયાન બંને લિવ-ઇન રિલેશનશિપમાં પણ રહ્યા હતા.

મહિલા પહેલેથી જ લગ્નિત હતી અને પોતાના વૈવાહિક જીવનમાં મુશ્કેલીઓનો સામનો કરી રહી હતી. તેણીને સાત વર્ષનું એક બાળક પણ છે. આરોપ મુજબ પછી જ્યારે આરોપી ભારત પરત આવ્યો, ત્યારે તેણે મહિલાથી વાત કરવાનું બંધ કરી દીધું અને લગ્ન કરવા ઇનકાર કર્યો. ત્યારબાદ મહિલાએ ભારત આવીને તેના સામે બળાત્કારનો કેસ નોંધાવ્યો.

સુનાવણી દરમિયાન કોર્ટએ ફરિયાદ અને સમગ્ર મામલાની તપાસ કરી. કોર્ટને જણાયું કે બંને પુખ્ત વયના હતા, બંને વચ્ચે પરસ્પર સંમતિથી સંબંધ બન્યા હતા અને તેઓ લગભગ બે વર્ષ સુધી સાથે રહ્યા હતા. ફરિયાદમાં ક્યાંય જબરદસ્તી કે હિંસાનો આરોપ નહોતો.

આ આધારે કોર્ટએ કહ્યું કે જો કોઈ પુરુષ પછી લગ્નથી ઇનકાર કરે, તો તે નૈતિક રીતે ખોટું અથવા દુખદ હોઈ શકે, પરંતુ તેને આપમેળે બળાત્કાર ગણાવી શકાય નહીં.

# ફાગણમાં જ વૈશાખી વાયરાઃ રાજકોટ સહિત ૧૧ શહેરોમાં તાપમાનનો પારો ૪૨ ડિગ્રીને આંબ્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

માર્ચ માસની હજુ તો શરૂઆત જ છે. ત્યાં રાજયમાં મે માસ જેવી ગરમી પડવા લાગી છે અને હવામાન વિભાગે પણ હવે હિટવેવની આગાહી કરી હોય હજુ તાપમાન વધવાનાં પુરા અણસાર છે. ગઇકાલે જ રાજકોટમાં ૪૨ ડિગ્રી સહિત રાજયનાં કુલ ૧૧ શહેરોમાં ૪૦થી ૪૨ ડિગ્રી વચ્ચે તાપમાન નોંધાયુ હતું.

જયારે આજે પણ રાજકોટ ઉપરાંત રાજયમાં એક ડઝન સ્થળે ગરમીનું ઓરેન્જ એલર્ટ અપાયુ છે. આજે સવારથી જ રાજકોટ ઉપરાંત અનેક શહેરોમાં ૧૯થી ૨૫ ડિગ્રી સુધીનું ઉંચુ લઘુતમ તાપમાન નોંધાતા સવારથી જ ગરમીનો અહેસાસ થવા લાગ્યો હતો.



દરમ્યાન ગઇકાલે રાજકોટમાં હાઇએસ્ટ ૪૨ ડિગ્રી ઉપરાંત અમદાવાદમાં ૪૧.૪, અમરેલીમાં ૪૦.૩, વડોદરામાં ૪૧, ભાવનગરમાં ૩૯.૬, ભુજમાં ૪૧, ડાંગમાં ૩૯.૪, ડિસામાં ૪૧, દિવમાં ૪૧.૩, ગાંધીનગરમાં ૪૦.૮, કંડલામાં ૩૯.૫, પોરબંદરમાં ૪૦.૯, સુરતમાં ૪૦.૨ અને વેરાવળ ખાતે ૪૦.૮ ડિગ્રી મહતમ તાપમાન નોંધાવા પામ્યુ હતું. ઉલ્લેખનીય છે કે, આજે સવારમાં હવામાં ભેજ માત્ર ૩૬થી ૫૩ ડિગ્રી થઇ જતા સુર્યદેવતાનું આકરૂ રૂપ સવારથી જ દેખાતું હતું. જ્યારે જામનગર શહેરનું મહતમ તાપમાનનો પારો ૩૭ ડિગ્રી ઉનાળાના પ્રારંભે પહોંચ્યો હતો જયારે લઘુતમ તાપમાનનો ૨૧.૫ ડિગ્રી રહ્યો છે તો શહેરના વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૪૭ ટકા અને પવનની ગતિ પ્રતિ કલાક ૪.૬ કિ.મી. નોંધાઇ છે.

વધુમાં મળતા અહેવાલો મુજબ અમરેલી જિલ્લાની ભૌગોલિક પતિસ્થિતિ જ કંઈક અલગ છે. જેને લઈ અમરેલીમાં સૌથી વધુ ઠંડી અને સૌથી વધુ ગરમી પડે છે. ત્યારે અમરેલી શહેર સહિત સમગ્ર જિલ્લામાં ઉનાળાની શરૂઆતમાં જ ગરમીનો પ્રભાવ ધીમે ધીમે વધતો જોવા મળી રહ્યો છે.

# યુદ્ધના માહોલ વચ્ચે ઈરાનના વિદેશમંત્રી સાથે જયશંકરની વાતચીત

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

હાલમાં મધ્ય પૂર્વમાં અમેરિકા, ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે યુધ્ધના માહોલમાં ભારતના વિદેશમંત્રી એસ. જયશંકર અને ઈરાનના વિદેશમંત્રી અરાઘચી વચ્ચે ટેલીફોનીક વાત થઈ હતી. જેમાં યુધ્ધ, હોર્મુજ જલડમરૂ મધ્યની સુરક્ષા અને ભારતીય નાગરિકોની સુરક્ષા અને ઉર્જા સુરક્ષા મુદ્દે વાત થઈ હતી. ઈરાને સમુદ્રી વ્યાપારની અસ્થિરતા માટે અમેરિકા અને ઈઝરાયેલને જવાબદાર ઠેરવ્યું હતું.

ઈરાન અને ઈઝરાયલ વચ્ચે વધતા જતા તણાવ અને મિડલ ઈસ્ટમાં યુદ્ધની ગંભીર સ્થિતિ વચ્ચે ભારતીય વિદેશ મંત્રી એસ. જયશંકરે ફરી એકવાર ઈરાનના વિદેશ મંત્રી સાથે વાતચીત કરી છે. ભારતે સ્પષ્ટ કર્યું છે કે આ સંકટમાં ભારતીય નાગરિકોની સુરક્ષા અને ઊર્જા સુરક્ષા તેની ટોચની પ્રાથમિકતા છે.



ભારતના વિદેશ મંત્રી એસ. જયશંકરે સોશિયલ મીડિયા દ્વારા જાણકારી આપી છે કે તેમણે ઈરાનના વિદેશ મંત્રી સૈયદ અબ્બાસ અરાઘચી સાથે ચાલી રહેલા સંઘર્ષના લેટેસ્ટ ડેવલપમેન્ટ વિશે વિગતવાર ચર્ચા કરી છે. બંને નેતાઓ સતત સંપર્કમાં રહેવા માટે સંમત થયા છે. નોંધનીય છે કે યુદ્ધ શરૂ થયા બાદ બંને મંત્રીઓ વચ્ચે આ ત્રીજી વાતચીત છે. આ પહેલા ૨૮ ફેબ્રુઆરી અને ૫ માર્ચે પણ બંને વચ્ચે ચર્ચા થઈ હતી.

સોમવારે રાજ્યસભામાં પશ્ચિમ એશિયાની સ્થિતિ પર નિવેદન આપતા એસ. જયશંકરે સ્વીકાર્યું હતું કે ઈરાનમાં નેતૃત્વના સ્તરે સંપર્ક કરવો અત્યારે મુશ્કેલ છે કારણ કે લડાઈ દરમિયાન ઈરાનના અનેક ઉચ્ચ નેતાઓના મોત થયા છે.

તેમણે ભારત સરકારના ત્રણ મહત્વના સંદેશા રજૂ કર્યા હતા.જે મુજબ ભારત શાંતિ અને સંવાદના પક્ષમાં છે.,ભારતીય સમુદાયની સુરક્ષા સૌથી મોટી પ્રાથમિકતા છે.ભારત માટે ઉર્જા સુરક્ષા સર્વોપરી છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# જામનગર ટાઉનહોલ ખાતે મહિલા સંમેલન યોજાયું





**મુખ્ય સમાચાર, જામનગર**

નારી શક્તિ એ સમાજની પ્રેરણા છે, નારી સશક્તિકરણથી જ સમૃદ્ધ અને સશક્ત સમાજનું નિર્માણ શક્ય બને છે. મહિલાઓની શક્તિને ઉજાગર કરવા, તેઓની ક્ષમતાને ઉત્સાહિત અને પ્રેરિત કરવા સમગ્ર વિશ્વમાં ૮ માર્ચના રોજ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરવામાં આવે છે. આ વર્ષની થીમ ''Rights. Justice. Action. For ALL Women and Girls'' રાખવામાં આવી છે.આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણીના ભાગરૂપે જામનગર શહેરના ટાઉનહોલ ખાતે મહિલા સશક્તિકરણને પ્રોત્સાહન આપવા જિલ્લા પંચાયત પ્રમુખ મેયબેન ગરસરની અધ્યક્ષતામાં મહિલા સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન માત્ર મહિલાઓ દ્વારા કરવામાં આવે આ પ્રકારના નારી શક્તિને ઉજાગર કરતા કલેકટર કેતન ઠક્કરના ઉમદા વિચારને સફળ બનાવવા માટે જામનગર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અનોખી પહેલ કરવામાં આવી હતી અને સંપૂર્ણ કાર્યક્રમનું સંચાલન જિલ્લા વહીવટી તંત્રમાં ફરજ બજાવતા મહિલાઓ કરવામાં આવ્યું હતું. જે મહિલા સશક્તિકરણનું પ્રેરણાદાયક ઉદાહરણ છે.કાર્યક્રમ દરમિયાન સરકારની સહાયથી સ્વનિર્ભર બનેલ મહિલાઓએ પોતાના અનુભવો અને સફળતાની કહાનીઓ રજૂ કરી હતી. જે અન્ય મહિલાઓ માટે પ્રેરણારૂપ બન્યા હતા. કાર્યક્રમમાં મહાનુભાવોના હસ્તે લાભાર્થી દીકરીઓને દીકરી વધામણા કીટ, વ્હાલી દીકરી યોજના, સ્પોર્ટ્સમાં ઉત્કૃષ્ટ સિદ્ધિ હાંસલ કરનાર વિદ્યાર્થીનીઓ, તથા મહિ-લાલક્ષી વિવિધ યોજનાઓના લાભ લાભાર્થીઓને એનાયત કરવામાં આવ્યા હતા. ત્યારબાદ બાળકીઓના હસ્તે કેક કટિંગ કરી મહિલા દિવસની ઉજવણી કરવામાં આવી હતી.મહિલાઓ શિક્ષણ, આરોગ્ય, ઉદ્યોગ, રમતગમત સહિતના તમામ ક્ષેત્રોમાં આગેવાની કરી રહી છે. સરકાર દ્વારા મહિલાઓના સર્વાંગી વિકાસ અને આત્મનિર્ભરતા માટે અનેક યોજનાઓ અમલમાં મૂકવામાં આવી રહી છે, જેના કારણે મહિલાઓને આગળ વધવાની નવી તક મળી રહી છે. સમાજના વિકાસમાં મહિલાઓની સક્રિય ભાગીદારી અત્યંત જરૂરી છે અને મહિલાઓ સશક્ત બનશે ત્યારે જ સમાજ અને રાષ્ટ્રનો સર્વાંગી વિકાસ શક્ય બનશે. તેમણે મહિલાઓને શિક્ષણ, સ્વરોજગાર, આરોગ્ય અને સામાજિક ક્ષેત્રે વધુ સક્રિય બનીને આગળ વધવા પ્રોત્સાહિત કરી હતી.કાર્યક્રમમાં નિવાસી અધિક કલેકટર શારદા કાથડે જણાવ્યું હતું કે, સમાજના સર્વાંગી વિકાસમાં મહિલાઓની ભૂમિકા અતિ મહત્વપૂર્ણ રહી છે. મહિલા માત્ર પરિવારની સંભાળ રાખનાર નથી, પરંતુ સમાજ અને રાષ્ટ્રના વિકાસમાં પણ મહત્વપૂર્ણ યોગદાન આપનાર શક્તિ છે. આજના દિવસે આપણે સૌએ સંકલ્પ કરવો જોઈએ કે મહિલાઓને સમાજમાં સમાન અધિકાર અને સન્માન મળે તે માટે આપણે સહયોગી બનીશું. મહિલાઓને વિકાસના તમામ અવસરો ઉપલબ્ધ થાય તે માટે સંયુક્ત પ્રયાસો કરવાના છે. સ્ત્રી સશક્ત તો છે જ, તેણીએ માત્ર પોતાનામાં રહેલ શક્તિ ઉજાગર કરવાની જરૂર છે.આ કાર્યક્રમમાં કલેકટર કેતન ઠક્કર, જિલ્લા વિકાસ અધિકારી અંકિત પન્નું, નાયબ મ્યુનીસીપલ કમિશ્નર.ઝાલા, અગ્રણીઓ બીનાબેન કોઠારી અને, શહેર પ્રાંત અધિકારી અદિતિ વાર્ષ્ને, નાયબ જિલ્લા વિકાસ અધિકારી વિરલ માકડિયા, મહિલા અને બાળ અધિકારી પૂજા ડોડીયા, સરકારી વિભાગોમાં કાર્યરત મહિલા અધિકારીઓ, વિવિધ ક્ષેત્રોમાં કાર્યરત મહિલાઓ,સ્વ સહાય જૂથોની બહેનો, લાભાર્થી મહિલાઓ, વિદ્યાર્થીનીઓ વગેરે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# જાંબુડા ગામે જલ અર્પણ દિવસની ઉત્સાહભેર ઉજવણી કરાઈ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લાના જાંબુડા ગામે ધારાસભ્ય રાઘવજીભાઈ પટેલના અધ્યક્ષસ્થાને જલ અર્પણ દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમ અંતર્ગત શાળાના વિદ્યાર્થીઓ દ્વારા જળ બચાવો જીવન બચાવો જેવા પ્રેરણાદાયી નારાઓ સાથે જાગૃતિ રેલી યોજવામાં આવી હતી, જેના દ્વારા ગામમાં જળ સંરક્ષણ અંગે જનજાગૃતિ ફેલાવવામાં આવી હતી.આ પ્રસંગે ગામજનો દ્વારા પાણીના સંરક્ષણ અને સંચય માટે સંકલ્પ લઈ જળ બચાવવા માટે શપથ પણ લેવામાં આવ્યા હતા.




કાર્યક્રમ દરમિયાન ધારાસભ્ય રાઘવજીભાઈ પટેલ દ્વારા ગામની પાણી સમિતિને જળ કળસ, પ્રમાણપત્ર તથા આંતરિક પાણી વિતરણ યોજના સુચારુ રીતે અમલમાં રહે તે માટેની કાર્યપદ્ધતિ અર્પણ કરવામાં આવી હતી.જળ સંચય અને જળ શક્તિના સદુપયોગ દ્વારા ગ્રામ વિકાસને નવી દિશા આપવાનો આ પ્રયાસ સ્તુત્ય હોવાનું જણાવી ઉપસ્થિત ગ્રામજનોએ પણ જળ સંરક્ષણ માટે સહભાગી થવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.આ કાર્યક્રમમાં ગામના આગેવાનો, સરપંચ, શાળા શિક્ષકો, વિદ્યાર્થીઓ તથા મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# જામનગર દારૂડિયા શખ્સને પકડવા ગયેલા પોલીસ કર્મચારી પર હુમલો : ફરજમાં રૂકાવટની ફરિયાદ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં શંકર ટેકરી સિદ્ધાર્થ નગર વિસ્તારમાં ગઈ રાત્રે દારૂનો નશો કરીને દંગલ મચાવી રહેલા શખ્સને પકડવા ગયેલા ૧૧૨ જનરક્ષક વિભાગના પોલીસ કર્મચારી ઉપર હુમલો કરી તેઓની ફરજમાં રૂકાવટ કરવા અંગે એક દારૂડિયા શખ્સ સામે પોલીસ ફરિયાદ નોંધાવાઈ છે, જ્યારે આરોપીને પકડી લઇ પોલીસ લોકપમાં બેસાડી દેવાયો છે.

આ ફરિયાદ અંગેના બનાવની વિગત એવી છે કે જામનગરના પોલીસ ક્વાર્ટરમાં રહેતા તેમજ સીટીસી ડિવિઝનની ૧૧૨ જનરક્ષક પોલીસ વિભાગની બોલેરોમાં ફરજ બજાવતા મિતરાજસિંહ શૈલેન્દ્રસિંહ જાડેજા નામના પોલીસ કોન્સ્ટેબલ ગઈકાલે બપોરે ૩:૩૦ વાગ્યાના અરસામાં પોતાની ફરજ બજાવી રહ્યા હતા, જે દરમિયાન કુલદીપ ગિરધરભાઈ પરમાર નામની વ્યક્તિનો કોલ આવ્યો હતો, અને શંકર ટેકરી સિદ્ધાર્થ નગર કોલોની શેરી નંબર ત્રણમાં વિપુલ પ્રાગજી ચૌહાણ નામનો શખ્સ દારૂનો નશો કરીને પોતાની સાથે બબાલ કરી રહ્યો છે, તેવી જાણકારી આપીને દારૂડિયા શખ્સને પકડી લેવા રજૂઆત કરી હોવાથી ૧૧૨ જનરક્ષકની પોલીસ ટીમ શેરી નંબર ત્રણમાં પહોંચી હતી.જ્યાં વિપુલ પ્રાગજી ચૌહાણ દારૂના નશામાં બફાટ કરી રહ્યો હતો. જેને અટકાવવા જતાં તેણે ફરજ પરના પોલીસ કર્મચારી મિતરાજસિંહ જાડેજા ઉપર હુમલો કરી દીધો હતો.

તેણે ઢીકાપાટુનો માર મારી નખ વડે શરીરમાં વીખોડીયા ભરી ઈજા પહોંચાડી હતી, તેમજ કાયદેસરની ફરજમાં રૂકાવટ કરી હતી.આથી વિપુલ ચૌહાણને પોલીસ જીપમાં બેસાડી દેવાયો હતો, જેની સાથે કુલદીપ પરમારને પણ સાથે રાખીને સિટી સી. ડિવિઝન પોલીસ મથકમાં લઈ જવામાં આવી રહ્યો હતો, જે દરમિયાન જીપમાં પણ આરોપીએ દેકારો મચાવ્યો હતો, અને પોતે દલિત જ્ઞાતિનો છે, જેથી પોલીસ ફરિયાદ કરીને પટ્ટા ટોપી ઉતરાવી દેશે, તેવી ધમકીઓ પણ આપી હતી. આખરે તેને સીટી સી. ડિવિઝન પોલીસ મથકમાં લઈ જઈ પોલીસ લોકપમાં બેસાડી દેવામાં આવ્યો હતો, અને મિતરાજસિંહ જાડેજાની ફરિયાદના આધારે તેની સામે ફરજમાં રૂકાવટ સહિતની જુદી જુદી કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે, તેમજ દારૂબંધી ભંગ બદલ ધરપકડ કરી લેવામાં આવી છે.

# જામનગર શહેર અને આસપાસના વિસ્તારમાં થયેલી વાહન ચોરીનો ભેદ ઉકેલાયો



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેર અને આસપાસના વિસ્તારમાં ટુ-વ્હીલરની ચોરીની એકથી વધુ ફરિયાદ પોલીસ દફતરે નોંધાવાયા બાદ સૌપ્રથમ પંચકોષી બી. ડિવિઝનની પોલીસ ટુકડી સક્રિય બની હતી, અને એક ટાબરિયા સહિત બે શખ્સોને બે ચોરાઉ બાઈક સાથે ઝડપી લીધા હતા, જેઓના કબજામાંથી અન્ય છ બાઈક પણ જપ્ત કરાયા છે, જ્યારે આ વાહન ચોરીમાં સંડોવાયેલા અન્ય ત્રણને ફરાર જાહેર કરવામાં આવ્યા છે.જામનગર નજીક સમર્પણ સર્કલ પાસેથી તાજેતરમાં બે મોટરસાયકલોની ચોરી થઈ ગયાની ફરિયાદ પંચકોષી બી. ડિવિઝન પોલીસ મથકમાં નોંધાવાઈ હતી. જે વાહન ચોરી અંગેની ચોક્કસ બાતમી અને ઊંડાણપૂર્વકની તપાસના અનુસંધાને પંચકોષી બી. ડિવિઝન પોલીસની ટીમે ઊંડાણપૂર્વકની તપાસ કરી એક ટાબરિયાને તેમજ ચેલામાં રહેતા વિમલ વિક્રમભાઈ પરમાર નામના દેવીપુજક શખ્સને ઝડપી લીધો હતો. તેઓ પાસેથી બે નંગ ચોરાઉ મોટરસાયકલ મળી આવ્યા હતા. પોલીસ દ્વારા આવતાં તેઓએ અન્ય સ્થળે સંતાડેલા છ મોટરસાયકલ કાઢી આપ્યા હતા. આથી પોલીસે કુલ ૮ વાહનો કબજે કરી લીધા છે, અને બંનેની વધુ પૂછ હાથ ધરી હતી. જેઓએ ઉપરોક્ત ચોરીની ઊંડાણપૂર્વકની તપાસ દરમિયાન ચોરી કરવામાં સંકળાયેલા જામનગરમાં પ્રદર્શન મેદાનમાં રહેતા મેહુલ નરસિંહભાઈ સોલંકી કાલિદાસ નરસીભાઇ સોલંકી અને દીપક મારવાડી નામના અન્ય ત્રણ શખ્સોને ફરાર જાહેર કરી શોધખોળ હાથ ધરી છે.

# મોરબી આયુષ હોસ્પિટલના ડૉ.સત્યજીતસિંહે મૃત્યુના મુખમાં ધકેલાયેલા દર્દીને નવજીવન આપ્યું



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીની આયુષ હોસ્પિટલમાં ૬૩ વર્ષના મરણાવસ્થામાં આવેલા દર્દીને ડો. સત્યજીતસિંહ જાડેજા અને તેમની ટીમે સચોટ સારવાર આપી નવજીવન આપ્યું છે. હૃદય બંધ પડી જવું, ઓક્સિજન લેવલ માત્ર ૫૦% અને બીપી અતિશય ઓછું હોવા છતાં તાત્કાલિક સારવારથી દર્દીને ૬ દિવસમાં સ્વસ્થ કરી રજા આપવામાં આવી હતી.

મોરબીની આયુષ હોસ્પિટલમાં તાજેતરમાં એક પડકારજનક કેસમાં ડૉ.સત્યજીતસિંહ જાડેજા અને તેમની ટીમે મોટી સફળતા મેળવી છે. તા.૩ માર્ચના રોજ ૬૩ વર્ષના એક દર્દીને ગંભીર હાલતમાં હોસ્પિટલના ઈમરજન્સી વિભાગમાં લાવવામાં આવ્યા હતા. તપાસ દરમિયાન દર્દીનું હૃદય બંધ પડી ગયું હતું, ઓક્સિજન લેવલ માત્ર ૫૦ ટકા હતું અને બીપી પણ માપી શકાય એટલું ઓછું હતું. દર્દીની ગંભીર સ્થિતિને ધ્યાનમાં રાખી તેમને તાત્કાલિક વેન્ટિલેટર પર મુકવામાં આવ્યા હતા. સાથે જ હોસ્પિટલની ટીમ દ્વારા હૃદયને કૃત્રિમ રીતે સીપીઆર આપી પંપિંગ કરવામાં આવ્યું અને જરૂરી દવાઓ આપવામાં આવી હતી. આ ઝડપી અને યોગ્ય સારવારના પરિણામે બંધ પડી ગયેલું હૃદય ફરીથી ધબકવા લાગ્યું હતું. આ પછી દર્દીને આઈસીયુમાં દાખલ કરી સતત સારવાર આપવામાં આવી હતી. સચોટ નિદાન અને સારવારના અંતે માત્ર ૬ દિવસમાં દર્દીની સ્થિતિમાં નોંધપાત્ર સુધારો થયો હતો અને અંતે તેમને હસતા મોઢે હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી.

# જામનગરના રણજીતનગરમાં ઈંગ્લીશ દારૂ-બિયરના જથ્થા સાથે એક શખ્સની અટકાયત

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના રણજીતનગર નેવલ પાર્ક પાસેથી દિ.પ્લોટમાં રહેતા એક શખ્સને ઈંગ્લીશ દારૂ અને બિયરના ટીનના જથ્થા સાથે પકડી લીધો હતો દારૂ-બિયર અને કાર મળી કુલ ૩.૮૧ લાખનો મુદામાલ પોલીસે કબ્જે કર્યો છે. તપાસ દરમ્યાન નંદનવનના શખ્સનું નામ ખુલ્યુ હતું.સીટી-સી ડીવીઝન પીઆઈ એન.બી. ડાભીની સુચનાથી સર્વેલન્સ સ્કોડના સ્ટાફના માણસો પ્રોહી-જુગારના કેશો શોધી કાઢવા પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન પો.હેડ કોન્સ યુવરાજસિંહ, એએસાઈ



યશપાલસિંહ, પો.કોન્સ વનરાજભાઈને સંયુક્ત બાતમી હકીકત આધારે દરોડાની કાર્યવાહી હાથ ધરી હતી.જામનગરના રણજીતનગર નેવલ પાર્ક પાસે બ્લોક નં. જી-૩ સામેથી આરોપી કપીલ રાજુ ધનવાણી રહે. દિ.પ્લોટ-૬૧, જોલીબંગલો બંશી ડેરીની બાજુમાં જામનગરવાળાને ક્રેટા મોટરકાર નં. જીજે ૫જે એન-૮૮૯૯માંથી ભારતીય બનાવટની વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની ૧૧૨ બોટલો કિ. ૫૬ હજાર તથા ૪૬ ચપલા કિ. ૯૨૦૦, ૭૨ બીયરના ટીન કિ. ૧૫૮૪૦ તથા કાર કિ. ૩ લાખ મળી કુલ ૩.૮૧.૦૪૦ના મુદ્દામાલ સાથે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરી હતી.જયારે રણજીતસાગર રોડ નંદનવનમાં રહેતા મનિષ ઉર્ફે મનીયો પલી દામા નામના શખ્સની સંડોવણી ખુલી હતી જેને ફરાર જાહેર કરવામાં આવ્યો છે.

# વાંકાનેરમાં અગાઉ વાહન લે-વેચના ઝઘડાનો ખાર રાખી બે જૂથ વચ્ચે બઘડાટી

## સામસામી ફરિયાદ બાદ વાંકાનેર સીટી પોલીસે ૧૪ આરોપીઓ સામે ગુનો નોંધ્યો

**મુખ્ય સમાચાર, મોરબી**

વાંકાનેરના ભાટીયા સોસાયટી વિસ્તારમાં વાહન લે-વેચમાં પૈસાની લેતીદેતીના અગાઉના ઝઘડાનો ખાર રાખી બે જૂથ વચ્ચે મારામારીનો બનાવ બન્યો હતો. બંને પક્ષોના હુમલામાં સ્વીફ્ટ કારને નુકસાન, છરીથી હુમલો તથા ગાડી ચડાવવાનો પ્રયાસ જેવી ઘટના સામે આવી હતી. હાલ સમગ્ર મામલે વાંકાનેર સીટી પોલીસે બંને પક્ષોની સામ-સામી ફરિયાદના આધારે કુલ ૧૪ આરોપીઓ સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

વાંકાનેર શહેરના ભાટીયા સોસાયટી વિસ્તારમાં ગત તા. ૯ માર્ચની રાત્રે અગાઉ વાહન લે-વેચના પૈસાની લેતી દેતી બાબતે થયેલા ઝઘડાનો ખાર રાખી બે જૂથ વચ્ચે બોલાચાલી ઝઘડા બાદ જૂથ અથડામણ સર્જાય હતી. જે મામલે પ્રથમ ફરિયાદ મુજબ વઘાસીયા ગામના શિવરાજસિંહ સહદેવસિંહ ઝાલા ઉવ.૩૦ રહે. વઘાસીયા તા.વાંકાનેર વાળાએ વાંકાનેર સીટી પોલીસ મથકમાં આરોપીઓ (૧)સંજયભાઈ રાણાભાઈ ખાંડેખા, (૨)બળદેવભાઈ રાણાભાઈ ખાંડેખા, (૩)હરેશભાઈ રાણાભાઈ ખાંડેખા, (૪)અંકુર રાજગોર, (૫)શીવાજી રાજગોર, (૬)રોહિત ખેંગારભાઈ રાજગોર, (૭)રમેશ ધિરૂભાઇ રાજગોર તથા (૮)રાહુલ રાજગોર તમામ રહે. ભાટીયા સોસાયટી વાંકાનેર વાળા સામે ફરિયાદ નોંધાવી જાહેર કર્યું કે, તેમના કાકાના દીકરા હરપાલસિંહને અગાઉ સંજય રાજગોર સાથે ગાડી લે-વેચના પૈસા બાબતે ઝઘડો થયો હતો. આ બાબતની દાજ રાખી ભાટીયા સોસાયટીમાં ઉપરોક્ત તમામ આરોપીઓએ ધોકા અને પાઈપ વડે તેમની સ્વિફ્ટ કારના આગળ-પાછળના કાચ તોડી કારને નુકસાન પહોંચાડ્યું તેમજ ગાળો આપી ધમકીઓ આપી હતી. આ ફરિયાદના આધારે પોલીસે ઉપરોક્ત આઠેય આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધ્યો છે.

જ્યારે સામા પક્ષે ફરિયાદી સંજયભાઈ રાણાભાઈ ખાંડેખા ઉવ.૩૨ રહે.ભાટીયા સોસાયટી વાંકાનેર વાળાએ આરોપી (૧)હરપાલસિંહ કિશોરસિંહ ઝાલા, (૨)કિશોરસિંહ ઝાલા, (૩)રવિરાજસિંહ કિશોરસિંહ ઝાલા,(૪)પુષ્પરાજસિંહ કિશોરસિંહ ઝાલા ચારેય રહે. ભાટીયા સોસાયટી વાંકાનેર તથા (૫)શિવરાજસિંહ સહદેવસિંહ ઝાલા અને (૬)મહેન્દ્રસિંહ સહદેવસિંહ ઝાલા બંને રહે. વઘાસીયા તા.વાંકાનેર વાળા વિરુદ્ધ નોંધાવેલી સામી ફરિયાદમાં જણાવ્યું હતું કે આરોપી હરપાલસિંહ કિશોરસિંહ ઝાલાએ તેમના ભાઈ હરેશભાઈને છરી વડે પેટમાં ઈજા કરી હતી. ઉપરાંત આરોપી શિવરાજસિંહ ઝાલાએ સ્વિફ્ટ કાર હંકારી તેમને ટક્કર મારવાનો પ્રયાસ કર્યો હતો, જેમાં કેટલાક લોકોને નાની મોટી ઈજાઓ પહોંચી હતી. આ ફરિયાદના આધારે વાંકાનેર પોલીસે ઉપરોક્ત છ આરોપીઓ સામે પણ ગુનો નોંધ્યો છે.

# મોરબી-હળવદ-વાંકાનેર વિસ્તારમાં ત્રણ અલગ અલગ આપઘાતના બનાવ નોંધાયા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી શહેરમાં એક પ્રૌઢે પોતાના ઘરે ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું તથા હળવદ નજીક કેનાલમાં યુવકે ઝંપલાવતા પાણીમાં ડૂબી જતાં મોત થયું હતું, જ્યારે વાંકાનેરમાં સિરામિક કારખાનાના લેબર ક્વાર્ટરમાં યુવકે ગળાફાંસો ખાઈ લીધો હતો. ત્રણેય બનાવ અંગે સંબંધિત પોલીસ સ્ટેશનોમાં પોલીસે અ.મોતની નોંધ કરી આગળની તપાસ હાથ ધરી છે.

અપમૃત્યુનો પ્રથમ બનાવ બનાવ મોરબી શહેરમાં નોંધાયો હતો. જેમાં ન્યૂ આદર્શ સોસાયટી, સરદાર બાગ પાછળ રહેતા સંજયભાઈ દેવજીભાઈ શેરસીયા ઉવ.૫૫એ કોઈ અગમ્ય કારણોસર પોતાના ઘરે ગળાફાંસો ખાઈ આપઘાત કર્યો હતો. બનાવ અંગે ડોક્ટર દ્વારા પોલીસને જાણ કરવામાં આવતા મોરબી સીટી એ ડિવિઝન પોલીસે અ.મોતની નોંધ કરી છે. જો કે આત્મહત્યાનું ચોક્કસ કારણ હજુ સુધી સામે આવ્યું નથી જેથી પોલીસે આગળની તપાસની તજવીજ શરૂ કરી છે,

જ્યારે બીજા અપમૃત્યુના બનાવમાં જુના ઘનશ્યામગઢ તા.ધ્રાંગધ્રા, જી.સુરેન્દ્રનગર ગામના અભી ઘનશ્યામભાઈ કૈલા ઉવ.૨૨ને એક યુવતી સાથે પ્રેમસંબંધ હોવાની જાણ તેના પિતાને થતાં પિતાએ તેને ઠપકો આપ્યો હતો. આ બાબતનું મનમાં લાગી આવતા યુવક તા.૨ માર્ચના રોજ આશરે રાત્રે દસ વાગ્યે પાણીની કેનાલમાં પડી જતા પાણીમાં ડૂબી જવાથી તેનું મોત થયું હતું. હળવદ તાલુકાના ચંદ્રગઢ ગામની સીમમાં કેનાલમાંથી મૃતદેહ મળતા હળવદ પોલીસ દ્વારા અ.મોત નોંધવામાં આવી છે.

આ ઉપરાંત ત્રીજો બનાવ વાંકાનેર તાલુકામાં નોંધાયો હતો. જેમાં ઉત્તર પ્રદેશના હમીરપુર જીલ્લાના રહેવાસી અને હાલ સરતાનપર રોડ પર આવેલા ઇટાલિનો સિરામિકના લેબર ક્વાર્ટરમાં રહેતા સોભિત બસંતાભાઈ ચમાર ઉવ.૨૨એ ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. પોલીસ તપાસ મુજબ ઘરની આર્થિક પરિસ્થિતિ નબળી હોવા ઉપરાંત હાલ સિરામિક ઉદ્યોગમાં કારખાનાઓ બંધ હોવાથી રોજગારી ન મળવાની ચિંતાને લઈને તેને માનસિક ટેંશનને કારણે તેણે પોતાના રૂમમાં ગળાફાંસો ખાઈ લીધો હોવાનું સામે આવ્યું છે.

# હળવદના ઘનશ્યામનગર ગામે સેવા સેતુ સહિત ત્રિવિધ કાર્યક્રમ યોજાયો

## ગામની પાણી સમિતિને જલ કળશ અર્પણ કરાયો; ગ્રામજનોએ લીધો જલ સંકલ્પ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી રાજ્યના છેવાડાના માનવી સુધી પાયાની સુવિધાઓ અને વહીવટી પારદર્શિતા પહોંચાડવાના સરકારના સંકલ્પને સાકારે કરવાના ભાગરૂપે મોરબી જીલ્લામાં હળવદ તાલુકાના ઘનશ્યામનગર ગામે જલ અર્પણ દિવસ, સેવા સેતુ અને આરોગ્ય કેમ્પ સાથે ત્રિવિધ કાર્યક્રમ યોજાયા હતા. આ કાર્યક્રમ દ્વારા ગ્રામજનોને શુદ્ધ પેયજળની સુવિધા સુપ્રત કરવાની સાથે સાથે વિવિધ સરકારી યોજનાઓના લાભો એક જ સ્થળે ઉપલબ્ધ કરાવી વહીવટી પ્રક્રિયાને વધુ લોકભોગ્ય બનાવવામાં આવી હતી.

કાર્યક્રમની શરૂઆતમાં જલ શક્તિ અભિયાન અંતર્ગત નવનિર્મિત પાણીની યોજનાની વિધિવત જલ અર્પણ વિધિ કરવામાં આવી હતી. ઉપસ્થિત મહાનુભાવો દ્વારા ઘનશ્યામનગર પાણી સમિતિને જલ કળશ અર્પણ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે ગ્રામજનોએ પાણીના કરકસરભર્યા ઉપયોગ અને જળ સંગ્રહ માટે સામૂહિક જલ સંકલ્પ લઈ જળ સુરક્ષા માટે પોતાની કટિબદ્ધતા દર્શાવી હતી. જળ




અર્પણની સાથે જ ગ્રામજનો માટે યોજાયેલા સેવા સેતુ કાર્યક્રમમાં વિવિધ પ્રમાણપત્રો અને યોજનાકીય લાભો સ્થળ પર જ અર્પણ કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત, આરોગ્ય વિભાગ દ્વારા યોજાયેલા તપાસણી કેમ્પમાં નિષ્ણાત તબીબો દ્વારા ગ્રામજનોના સ્વાસ્થ્યનું પરીક્ષણ કરી જરૂરી દવાઓ અને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. આ અવસરે મોરબી જીલ્લા કાર્યપાલક ઈજનેર અને વાસ્મોના યુનિટ મેનેજર એમ. એસ. દામા, તાલુકા વિકાસ અધિકારી પાર્થભાઈ ગઢવી, નાયબ મામલતદાર ધીરૂભાઈ સોનાગ્રા, અગ્રણી સર્વ વાસુદેવભાઇ સિણોજીયા, ધર્મેન્દ્રસિંહ ઝાલા, રમેશભાઈ ઝીંઝુવાડિયા, રવજીભાઈ પરમાર તેમજ મેડિકલ ઓફિસર પરેશભાઈ પટેલ સહિતના મહાનુભાવો અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# મોરબી મનપાની જાહેર અપીલ: ૩૧ માર્ચ સુધી શનિવાર-રવિવારે પણ મિલકત વેરો સ્વીકારાશે

## ભરપાઈમાં બાકી રહેલા ટેક્સ પર ૧૮% વ્યાજ વસૂલાશે, બાકીદારો સામે વોરંટ અને સીલિંગ કાર્યવાહી

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મહાનગરપાલિકાએ મિલકત વેરાની વસૂલાત તેજ કરવા માટે ૩૧ માર્ચ ૨૦૨૬ સુધી મુખ્ય કચેરી અને વિવિધ ક્લસ્ટર ઓફિસોમાં શનિવાર અને રવિવારે પણ ટેક્સ સ્વીકારવાની જાહેરાત કરી છે. બાકીદારો દ્વારા ટેક્સ ભરપાઈ નહીં કરવામાં આવે તો ૧૮ ટકા વ્યાજ સાથે વોરંટ, સીલિંગ તેમજ પાણી અને ડ્રેનેજ કનેક્શન કાપવાની કાર્યવાહી હાથ ધરાશે.

મોરબી મહાનગરપાલિકા હદ વિસ્તારમાં વર્ષ ૨૦૨૫-૨૬ના વિવિધ પ્રકારના બાકી ટેક્સની વસૂલાત માટે મિલકતવેરા શાખા દ્વારા કામગીરી હાથ ધરવામાં આવી છે. જેમાં જે મિલકતધારકો દ્વારા મિલકત વેરો ભરપાઈ કરવામાં આવ્યો નથી તેમને વોરંટ બજવણી અને સીલિંગ જેવી કાર્યવાહી કરવામાં આવી રહી છે. મહાનગરપાલિકાએ જાહેર કર્યું છે કે ૩૧ માર્ચ ૨૦૨૬ સુધી મુખ્ય કચેરી તેમજ વિવિધ ક્લસ્ટર ઓફિસોમાં દર શનિવાર અને રવિવારે પણ મિલકત વેરો સ્વીકારવામાં આવશે. જો મિલકતધારકો સમયસર ટેક્સ ભરપાઈ નહીં કરે તો બાકી રકમ પર ૧૮ ટકા વ્યાજ વસૂલવામાં આવશે. ઉપરાંત રહેણાંક મિલકતોમાં રૂ.૧૦ હજારથી વધુ મિલકતવેરો બાકી હોય અને ચુકવણી નહીં કરવામાં આવે તો તેવા મકાનોના નળ અને ડ્રેનેજ કનેક્શન કાપવાની કાર્યવાહી પણ હાથ ધરાશે.

મોરબી મહાનગરપાલિકાની મુખ્ય કચેરીમાં સવારે ૧૦:૩૦ થી સાંજે ૫ વાગ્યા સુધી તથા શહેરની વિવિધ ૧૧ ક્લસ્ટર ઓફિસોમાં સવારે ૧૦:૩૦ થી સાંજે ૪ વાગ્યા સુધી વેરો સ્વીકારવામાં આવે છે. ઉપરાંત મહાનગરપાલિકાની વેબસાઈટ mmcgujarat.in તેમજ ''Morbi Municipal Corporation'' મોબાઈલ એપ્લિકેશન દ્વારા પણ ઓનલાઈન પ્રોપર્ટી ટેક્સ અને વ્યવસાય વેરો સરળતાથી ભરવાની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે. આ સાથે મોરબી મહાનગરપાલિકાએ તમામ મિલકતધારકો અને ભોગવટેદારોને સમયસર ટેક્સ ભરપાઈ કરી વધારાના વ્યાજ અને કાર્યવાહીથી બચવા અપીલ કરી છે.

# હળવદ પોલીસની સરાહનીય કામગીરી : ટ્રકમાં માટીની આડમાં છુપાવેલા વિદેશી દારૂના મસમોટા જથ્થા સાથે ચાલકની અટક

## દારૂની વિવિધ બ્રાન્ડની ૪,૨૨૩ બોટલ સાથે રૂ.૧૫.૧૪ લાખનો મુદામાલ કબજે કર્યો

**મુખ્ય સમાચાર, મોરબી**

હળવદ પોલીસે અમદાવાદ-હળવદ હાઈવે પર સુખપર ગામ નજીક ટ્રકમાં માટીની આડમાં છુપાવી લાવવામાં આવતો વિદેશી દારૂનો જથ્થો ઝડપ્યો હતો. પોલીસે ૪,૨૨૩ બોટલ દારૂ સહિત કુલ રૂ.૧૫,૧૪,૧૬૫/-નો મુદામાલ કબજે કરી ટ્રક ચાલક આરોપીને ઝડપી પાડ્યો છે. હાલ આ વિદેશી



દારૂનો જથ્થો મોકલનાર, મંગાવનાર સહિતના આરોપીઓને પકડી લેવા હળવદ પોલીસે અલગ અલગ દિશામાં તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.મોરબી જીલ્લામાં પ્રોહીબીશન અને જુગાર જેવી અસામાજિક પ્રવૃત્તિઓ સામે કડક કાર્યવાહી કરવા ઉચ્ચ અધિકારીઓ દ્વારા આપવામાં આવેલી સૂચનાઓના અનુસંધાને હળવદ પોલીસે મહત્વપૂર્ણ કામગીરી હાથ ધરી છે. જેમાં હળવદ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર આર.ટી. વ્યાસના માર્ગદર્શન હેઠળ પોલીસ ટીમે મળેલી બાતમીના આધારે અમદાવાદ-હળવદ માળીયા હાઇવે પર સુખપર ગામ નજીક રામદેવ હોટલના પાર્કિંગમાં ઉભેલી અશોક લેલેન્ડ ટ્રક રજી.નં. આરજે-૫૨-જીએ-૯૨૦૪ ની તલાસી લેતા, ટ્રકમાં સફેદ પાવડર (માટી)ની આડમાં છુપાવી રાખવામાં આવેલી અલગ અલગ બ્રાન્ડની વિદેશી દારૂની ૪,૨૨૩ બોટલ કિ.રૂ.૪,૬૪,૬૦૦/- મળી આવી હતી. આ સાથે પોલીસે વિદેશી દારૂ ઉપરાંત ટ્રક, મોબાઈલ ફોન, રોકડ રકમ સહિત કુલ રૂ.૧૫,૧૪,૧૬૫/-નો મુદામાલ કબજે કર્યો હતો. આ મામલે ટ્રક ચાલક આરોપી જાન મહમદ અબ્દુલ રસીદ મેવ રહે.નીમલી તા.તિજારા જી.અલવર રાજસ્થાન વાળાને ઝડપી લઈ તેના વિરુદ્ધ પ્રોહીબીશન એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

આ સફળ કામગીરીમાં વાંકાનેર વિભાગના નાયબ પોલીસ અધિક્ષક સમીર સારડા, હળવદ પોલીસ ઈન્સ્પેક્ટર આર.ટી. વ્યાસ, પીએસઆઈ આર.બી. ટાપરીયા સહિત હળવદ પોલીસ સ્ટાફ જોડાયેલ હતા.

# વર્ષી તપ એટલે એક વર્ષ સુધી કરવામાં આવતું વિશિષ્ટ તપ

**મુખ્ય સમાચાર, રાજકોટ**
**સંકલન : મનોજ ડેલીવાળ**

જૈન દર્શન તીર્થંકર ચરિત્ર મુજબ ત્રીજા આરાના અંતમાં ચૌદમા કુલકર શ્રી નાભિરાજાના કૂળે રત્નકુક્ષીણી માતા મરૂદેવાની કુક્ષીએ શ્રી આદિનાથ ઋષભદેવ ભગવાનનો જન્મ થયો હતો.ઋષભદેવ પ્રભુને લાભાંતરાય કર્મના ઉદયને કારણે ચારસો દિવસ સુધી આહાર - પાણી મળ્યાં ન હતાં,અખાત્રીજના દિવસે તેઓનું પારણું થયેલું,ત્યારથી વર્ષીતપ કરવાની પરંપરા શરૂ થઈ છે.

મનોજ ડેલીવાળાએ જણાવ્યું કે જૈન શાસ્ત્રોમાં તપને અનેરૂ અને આગવું મહત્વ આપવામાં આવ્યું છે. જૈનાગમ શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં 30 મું ''તપો માર્ગ '' નામનું એક આખું અધ્યયન આપેલું છે તેમાં કહ્યું છે.. કરોડો ભવોના બાંધેલા કર્મો તપથી ક્ષય અને નિર્જરી જાય છે.જિજ્ઞાસુ સાધક પરમાત્માને પ્રશ્ન પૂછે કે..

હે નાથ ! દીક્ષા લઈને અમારે કરવાનું શું ?
કરૂણાસાગર જવાબ આપે કે
હે ! ભવ્ય આત્માઓ !
તમારા આત્માને સંયમ અને તપમાં જોડી દેજો.
તપના બાર પ્રકાર છે,તેમા છ આભ્યંતર અને છ બાહ્ય.
વર્ષી તપની બાહ્ય તપમા ગણના થાય છે.વર્ષી તપ એ ૪૦૦ દિવસ સુધી કરવામાં આવતું વિશિષ્ઠ તપ રહેલું છે.વર્ષી તપના તપસ્વીઓ ઉપકારી પૂ.ગુરુવર્યો,પૂ.સાધુ - સાધ્વીજીઓના શ્રી મુખેથી ફાગણ વદ આઠમના તપના પચ્ચખાણ અંગીકાર કરી મંડાણ કરે છે અને વૈશાખ સુદ ત્રીજ એટલે કે અક્ષય તૃતીયાના દિવસે તપની પૂર્ણાહૂતિ થાય છે.અમુક તપસ્વીઓ અખાત્રીજથી પણ તપના મંડાણ કરે છે. અખાત્રીજ સર્વ શ્રેષ્ઠ મુહૂર્ત પણ ગણાય છે.અક્ષય એટલે જેનો ક્ષય ન થાય તે.અખાત્રીજને યુગાદિ તિથિ અને લોકબોલીમાં અખાત્રીજ કહેવાય છે.

મનોજ ડેલીવાળાએ જણાવ્યું કે વર્ષીતપની શરૂઆત સંદર્ભે એક પ્રસંગ સંકળાયેલો છે. આ યુગના પ્રથમ તીર્થંકર શ્રી આદિનાથ - ઋષભદેવ ભગવાને સંયમનો સ્વીકાર કર્યો ત્યારે તેઓને છઠ્ઠ - બે ઉપવાસ હતાં.પારણાને દિવસે પ્રભુ ગોચરી - પાણી માટે નગરમાં નીકળ્યા પરંતુ નગરજનો સાધુની આહાર વિધી - નિયમોથી અજાણ હોવાથી તેઓ પ્રભુને હાથી,ઘોડા,હીરા,માણેક,મોતી,વસ્ત્ર અને પોતાની કન્યાઓ ઋષભદેવને ધરવા લાગ્યાં.આવું બે - ચાર દિવસ નહીં પરંતુ ચારસો દિવસ સુધી ચાલ્યું,છતાં પરમાત્મા ચિત્ત પ્રસન્ન રહેતાં. સમતા ભાવે ભૂખ - તરસને સહન કરતાં. પ્રભુ ગ્રામાનુગ્રામ વિહાર કરતાં ૪૦૦ દિવસ પછી હસ્તિનાપુર પધાર્યા.

# માળીયા(મી)ના હરિપર નજીક બે ડમ્પર વચ્ચે દબાઈ જતા ડ્રાઈવરનું મોત

**મુખ્ય સમાચાર, મોરબી**

કંડલા-મોરબી નેશનલ હાઈવે પર માળીયા(મી)ના હરિપર ગામ નજીક બંધ પડેલા ડમ્પરને ધક્કો મારતી વખતે ગફલતભરી રીતે રિવર્સ લેતા એક અન્ય ડમ્પરનો ચાલક બે ડમ્પર વચ્ચે દબાઈ જતા તેનું મોત થયું હતું. આ મામલે માળીયા(મી) પોલીસે આરોપી ડમ્પર ચાલક સામે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

માળીયા(મી) કંડલા-મોરબી નેશનલ હાઈવે પર હરીપર રેલવે બ્રિજ પાસે એક ડમ્પરના ચાલકનું મોત થયું હોવાની ઘટના અંગે પ્રાપ્ત માહિતી મુજબ, હરીયાણાના સંજય ભૈયારામ કશ્યપ ઉવ.૪૬ તથા અન્ય પાંચ ડમ્પરના સાથીઓ ડમ્પર લઈને જામનગર રિલાયન્સ કંપની ખાતે જઈ રહ્યા હતા. આ દરમિયાન માળીયા તરફ જતા રસ્તે પાંચ પૈકી એક ડમ્પર અચાનક બંધ પડી ગયું હતું. તેને ફરી શરૂ કરવા માટે પાછળથી આવેલા અન્ય ડમ્પર દ્વારા ધક્કો મારી ચાલુ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ દરમિયાન ડમ્પર ચાલક આરોપી પ્રદીપ રમેશ કશ્યપે આગળ પાછળ જોયા વગર એકદમ ગફલતભરી રીતે અને ફુલ સ્પીડમાં ડમ્પર રિવર્સ લઈ બંધ ડમ્પરને ધક્કો માર્યો હતો. તે સમયે સંજય ભૈયારામ કશ્યપ બંને ડમ્પર વચ્ચે ઉભા હોવાથી તેઓ વાહનોના ઠાઠા વચ્ચે દબાઈ ગયા હતા, જેના કારણે સંજય ભૈયારામ કશ્યપને માથા અને છાતીના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. જે બાદ તેમને સારવાર માટે માળીયા સરકારી હોસ્પિટલ ખાતે લઈ જવાયા હતા, જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. બનાવ અંગે પોલીસે આરોપી ડમ્પર ચાલક પ્રદીપ રમેશ કશ્યપ બીએનએસ તથા એમવી એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# વી.વી.પી. એન્જીનીયરીંગ કોલેજમાં સ્પોર્ટસ ફેસ્ટીવલ આઉટડોર ''સ્પીરીટ-૨૦૨૬'' નું શાનદાર આયોજન

## ૨૦૦થી પણ વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

વી.વી.પી. એન્જીનીયરીંગ કોલેજમાં સ્પોર્ટસ ફેસ્ટીવલ આઉટડોર ''સ્પીરીટ- ૨૦૨૬''ની શાનદાર ઉજવણી થઈ હતી જેમાં સંસ્થાના ટ્રસ્ટી ડો. નરેન્દ્રભાઈ દવે ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે કુલ ૬ રમતોનું આયોજન કરવામાં આવેલ હતું જેમાં ૨૦૦થી પણ વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

આ પ્રસંગે વી.વી.પીના ટ્રસ્ટી ડો. નરેન્દ્રભાઈ દવેએ જણાવ્યું હતું કે, દર વર્ષે શિયાળો આવે ત્યારે ઠંડીની ઋતુમાં આઉટડોર સ્પોર્ટસ અને વરસાદની સિઝનમાં ઈન્ડોર સ્પોર્ટસનું આયોજન વી.વી.પી. કરતી રહેલી છે. આ વર્ષે વી.વી.પી.ના કુલ ૧૬ વિદ્યાર્થીઓની પસંદગી ઓલ ઈન્ડિયા યુનિવર્સીટી ગેમ માટે થઈ છે. જે ખૂબ ગૌરવની વાત છે. આ વર્ષે સ્પીરીટ આઉટડોર સ્પોર્ટસ ફેસ્ટીવલમાં ક્રિકેટ (બોયઝ) , ક્રિકેટ (ગર્લ્સ), વોલીબોલ (બોયઝ), વોલીબોલ (ગર્લ્સ), બાસ્કેટબોલ (બોયઝ), બાસ્કેટબોલ (ગર્લ્સ) એમ કુલ ૬ રમતોનું આયોજન કરવામાં આવ્યું જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો. સ્પોર્ટસ દ્વારા શારીરિક અને માનસિક સજજતા કેળવાય છે, માટે જ આવું સુંદર માધ્યમ દર વર્ષે આ સ્પોર્ટસ ફેસ્ટીવલના માધ્યમથી સેકડો વિદ્યાથીઓને વી.વી.પી. પુરૂ પાડે છે. આ પ્રસંગે ઈન્ડોર સ્પોર્ટસ ફેસ્ટીવલના વિજેતાઓને ઈનામો આપી સન્માનીત કરાયા. આ પ્રસંગે ઓલ ઈન્ડિયા યુનિવર્સીટી નેશનલ ગેમ્સમાં પસંદગી પામેલ ૧૬ વિદ્યાથીઓને ટ્રેકસૂટ અને શુઝ આપીને પ્રોત્સાહીત કરવામાં આવ્યા હતાં.

વિદ્યાથીઓમાં ક્રિકેટ બોયઝમાં આઈ. ટી. ડિપાર્ટમેન્ટ વિજેતા, કોમ્પ્યુટર ડીપાર્ટમેન્ટ રનર્સઅપ, ક્રિકેટ ગર્લ્સમાં સિવિલ ડિપાર્ટમેન્ટ વિજેતા, કોમ્પ્યુટર ડીપાર્ટમેન્ટ રનર્સઅપ, વોલીબોલ બોયઝમાં કોમ્પ્યુટર ડિપાર્ટમેન્ટ વિજેતા, આઈ. ટી. ડીપાર્ટમેન્ટ રનર્સઅપ, વોલીબોલ ગર્લ્સમાં કોમ્પ્યુટર ડિપાર્ટમેન્ટ વિજેતા, બી. ટી. ડીપાર્ટમેન્ટ રનર્સઅપ, બાસ્કેટબોલ બોયઝમાં કોમ્પ્યુટર ડિપાર્ટમેન્ટ વિજેતા, આઈ. ટી. ડીપાર્ટમેન્ટ રનર્સઅપ, બાસ્કેટબોલ ગર્લ્સમાં આઈ.ટી. ડિપાર્ટમેન્ટ વિજેતા, કોમ્પ્યુટર ડીપાર્ટમેન્ટ રનર્સઅપ થયેલ છે.

સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે વી.વી.પી. ના આચાર્ય ડો. પિયુષભાઈ વણઝારાના માર્ગદર્શન હેઠળ સ્પોર્ટસ કમિટિના કન્વીનર પ્રો. પાર્થ દેલવાડીયા, કો-કન્વીનર પ્રો. કુંજનભઈ ભંડેરી, સ્પોર્ટસ ટીચર શ્યામભાઈ પુરોહિત, રીટાબેન વાછાણી, પ્રો. ભાવેશભાઈ રાવલ, તેજસભાઈ ગુંદીગરા, કેતનભાઈ પરમાર, પ્રો. પૂજાબેન ઓઝા, પ્રો. વૃંદાબેન દવે, પ્રો. રોહિતભાઈ ચાવડા, પ્રો. ગૌરવભાઈ પરમાર, સંજયભાઈ પટેલ, દિપેનભાઈ વ્યાસ, સમગ્ર કર્મચારીગણ તેમજ વિદ્યાથીગણે જહેમત ઉઠાવેલ.

# મોઢવણિક મહાજન રાજકોટ દ્વારા રવિવારે અલૌકીક ધર્મોત્સવ; શ્રી નાથજીની ઝાંખી જ્ઞાતિ ભોજન મહાપ્રસાદ

## યુ.વી.એમ.સી. પાર્ટી લોન્સ ના તૃતીય વર્ષમાં મંગલ પ્રવેશ નિમિત્તે ભક્તિ સભર આયોજન; ખ્યાતનામ સિંગર આસીફ જેરિયા સાથે ૪૬ સભ્યો નું કલાવૃંદ મોઢવણિક જ્ઞાતિ ને શ્રીજી ભક્તિ માં કરશે રસતરબોળ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શ્રી મોઢવણિક મહાજન રાજકોટ દ્વારા યુ વી એમ સી પાર્ટી લોન્સ ના તૃતીય વર્ષ માં મંગલ પ્રવેશ નિમિત્તે આગામી ૧૫ માર્ચ ને રવિવારના રોજ ''શ્રીનાથજી ની ઝાંખી'' તથા વિરાટ જ્ઞાતિ ભોજન મહાપ્રસાદ નું ભક્તિ સભર આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ગુજરાતના ખ્યાતનામ ગાયક આસીફ જેરીયા અને તેમની ટીમના ૪૬ કલાકારો જ્ઞાતિજનોને શ્રીજીના અષ્ટસમા ની ઝાંખી ના દર્શન સુમધુર સંગીત સાથે કરાવશે.

કાર્યક્રમ અંગે વધુ માહિતી આપતા મહાજન ટ્રસ્ટીઓ જગદીશ વડોદરિયા, સંજય મણિયાર, ઈલેશ પારેખ અને ધર્મેશ વોરા જણાવે છે કે ગુજરાતના અગ્રીમ હરોળ ના કલાકાર આસિફ જેરિયા અને હાર્મની ઈવેન્ટ ની ટીમના ૪૬ સભ્યો દ્વારા જ્ઞાતિજનોને શ્રીજીના આઠ સમા મંગળા, શૃંગાર, ગ્વાલ, રાજભોગ, ઉથાપન, ભોગ, આરતી અને શયન ના અલૌકિક દર્શન સુમધુર સંગીત સાથે કરાવવામાં આવશે. યોગાનુયોગ ૧૫ મી માર્ચ ''એકાદશી'' ની તિથિ હોય વિરાટ જ્ઞાતિ ભોજન મહાપ્રસાદ માં જ્ઞાતિજનોને ફરાળ પીરસવામાં આવશે. ધર્મોત્સવ માં મોઢ મહોદયના પૂર્વ રાષ્ટ્રીય પ્રમુખ અને જ્ઞાતિ અગ્રણી દાતાશ્રી હર્ષદભાઈ શાહ સવિશેષ ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભા વધારશે.

શ્રીનાથજી ની ઝાંખી અને જ્ઞાતિ મહાપ્રસાદ ના મનોરથી બનવાનું સદભાગ્ય અંજલિબેન વોરા, રીપલબેન છાપીયા, પ્રીતિબેન વોરા, કલ્પનાબેન વડોદરિયા, હર્ષાબેન પારેખ, મીતાબેન વોરા, મીતાબેન મણીયાર, અંજનાબેન વડોદરિયા, આશાબેન પારેખ અને વેજલ્સ બેન વોરા ને પ્રાપ્ત થયું છે. આ અલૌકિક ધર્મોત્સવમાં સહભાગી થવા જ્ઞાતિજનોને શ્રી મોઢવણિક મહાજન રાજકોટના સર્વ ટ્રસ્ટી મંડળ દ્વારા ભક્તિભીનું આમંત્રણ પાઠવવામાં આવે છે.

શ્રી મોઢવણિક મહાજન રાજકોટ આયોજિત યુવીએમસી પાર્ટી લોન્સ ની તૃતીય વર્ષગાંઠ ઉજવણી સમારોહ ને સફળ બનાવવા પ્રમુખ ભાગ્યેશ વોરા ની રાહબરીમાં મેને. ટ્રસ્ટી કિરેન છાપિયા, ઉપપ્રમુખ સુનિલ વોરા, મંત્રી અશ્વિન વડોદરિયા, સહમંત્રી કેતન પારેખ, ખજાનચી નીતિન વોરા, ટ્રસ્ટીઓ જગદીશ વડોદરિયા, સંજય મણિયાર, ઈલેશ પારેખ, ધર્મેશ વોરા તથા શ્રી મોઢવણિક મહાજન ના મેનેજર સુરેશ રાજપુરોહિત સહિતનાઓ જહેમત ઉઠાવી રહ્યા છે.

# મોબાઈલ તથા સીમકાર્ડ ખરીદનાર વ્યક્તિઓના તમામ દસ્તાવેજો ૩ વર્ષ સુધી સાચવવા સૂચના

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મોબાઈલ ફોનના સીમકાર્ડથી થતી ગુનાહિત પ્રવૃત્તિઓ પર અંકુશ રાખવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ શ્રી એન.કે.મુછાર દ્વારા નીચે મુજબના આદેશો જારી કરવામાં આવ્યાં છે.

રાજકોટ ગ્રામ્ય જિલ્લામાં કોઈપણ દુકાનદાર ઈસમ જૂના મોબાઈલ ફોનની ગ્રાહક પાસેથી આપ-લે કરે તો જે-તે ગ્રાહકનું પૂરેપૂરું નામ,સરનામું તથા ફોટો આઈ.ડી.પ્રૂફ ફરજિયાત મેળવવાનું રહેશે. જૂના મોબાઈલ ફોનની આપ-લે કરતા દુકાનદારે આ અંગેની જરૂરી માહિતી જેવી કે મોબાઈલની વિગત/કંપની, આઈ.એમ.ઈ.આઇ. નંબર, મોબાઈલ વેચનાર/ખરીદનારનું નામ, સરનામાની વિગત, આઈડી પ્રુફની વિગત સાથેનું રજીસ્ટર નિભાવવાનું રહેશે અને આ રજીસ્ટરો તપાસનીશ એજન્સી માંગે ત્યારે રજૂ કરવાના રહેશે.

જિલ્લામાં નવા સીમકાર્ડનું વેચાણ કરતી વેળાએ સીમકાર્ડની વિગત, કંપનીનું નામ, સીમકાર્ડ નંબર, સીમ કાર્ડ ખરીદનારનું નામ, સરનામું, સીમકાર્ડ ખરીદનારના આઈડી પ્રૂફની વિગત તેમજ ખરીદનારની સહી જેવી વિગતો સાથેનું રજીસ્ટર નિભાવવાનું રહેશે, જેમાં આઈ.ડી પ્રુફની નકલ પણ રાખવાની રહેશે.આ તમામ રજીસ્ટરો દુકાનદારે ત્રણ વર્ષ સુધી જાળવવાના રહેશે. તા. 30 એપ્રિલ ૨૦૨૬ સુધી અમલમાં રહેનારા આ હુકમોનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર શિક્ષાને પાત્ર થશે.

## ચૈત્રી નવરાત્રી ૨૦૨૬ : શાલીવાહન શક ૧૯૪૮

પરાભવ સંવત્સર
તા. ૧૯/૩/૨૬ ગુરુવાર ચૈત્ર માસની નવરાત્રી પ્રારંભ થાય છે
તા.૨૬/૩/૨૬ ગુરુવાર રામ નવમી છે

| તારીખ | વાર | નવરાત્રિ | |
|---|---|---|---|
| ૧૯/૩ | ગુરુવાર | ૧ | |
| ૨૦/૩ | શુક્રવાર | ૨ | |
| ૨૧/૩ | શનિવાર | ૩ | |
| ૨૨/૩ | રવિવાર | ૪ | |
| ૨૩/૩ | સોમવાર | ૫ | |
| ૨૪/૩ | મંગળવાર | ૬ | |
| ૨૫/૩ | બુધવાર | ૭ | |
| ૨૬/૩ | ગુરુવાર | ૮ | ૧૧:૫૦ સુધી |
| ૨૭/૩ | શુક્રવાર | ૯ | |

ચૈત્ર નવરાત્રીના પ્રથમ દિવસ ( તિથિ ) નવું સંવત્સર શરૂ થાય છે જે શાલીવાહન શક સંવત તરીકે ઓળખાય છે, જ્યારે વિક્રમ સંવત કારતક સુદ એકમથી શરૂ થાય છે, નવરાત્રી હિન્દૂ ધર્મમાં ખૂબ પ્રાચીન અને ધાર્મિક પર્વ છે યુગોથી ચાલી આવતી શ્રદ્ધા આજે પણ યથાવત છે, નવરાત્રી વ્રતનો ઉલ્લેખ શ્રીમદ દેવી ભાગવત માં પણ જોવા મળે છે,

માર્ગદર્શન મુજબ વ્રત આરંભ એકમના દિવસે ઘટ સ્થાપન કરી નવ દિવસ સુધી પૂજા કરાય છે, વ્રત રખાય છે, બ્રહ્મચર્ય અને ઉપવાસ કે એકહાર કરીને એક ચિત્તે ભક્તિ કરવામાં આવે છે ભક્તો પોતાની આરાધ્યદેવી ની વિશેષ પૂજા ભક્તિ કરી પ્રસાદ અર્પણ કરે છે અને તેમની કૃપા મેળવે છે. કેટલાક ભક્તો પોતાના નગરની ( શહેર ) નગરદેવીની પણ ભક્તિ કરી શ્રદ્ધા અર્પણ કરતા હોય છે

**ડો હેમીલ પી લાઠીયા**
**જ્યોતિષચાર્ય**

# તેરા તુજકો અર્પણ કાર્યક્રમ અંતર્ગત ૨૭.૪૨ લાખનો મુદામાલ મૂળ માલિકોને પરત કરાયો





**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જીલ્લા પોલીસ દ્વારા તેરા તુજકો અર્પણ કાર્યક્રમ અંતર્ગત અલગ અલગ ખોવાયેલા અથવા ચોરાયેલ મોબાઈલ શોધી તેમજ ઘરફોડ ચોરીના ગુનામાંથી રિકવર કરાયેલ કુલ રૂ.૨૭,૪૨,૩૯૨/- જેટલો મુદ્દામાલ મૂળ માલિકોને પરત સોંપવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમમાં જીલ્લા પોલીસ અધિક્ષક મુકેશ પટેલ તથા નાયબ પોલીસ અધિક્ષક સમીર સારડા (વાંકાનેર વિભાગ)ના હસ્તે ફરીયાદીઓને આ મુદામાલ સુપ્રત કરવામાં આવ્યો હતો.

મળતી માહિતી અનુસાર, રાજકોટ રેન્જ આઈ.જી. નિર્લિપ્ત રાય તથા મોરબી જીલ્લા એસ.પી. મુકેશ પટેલના માર્ગદર્શન હેઠળ પ્રજાકલ્યાણ તથા પ્રજા ઉપયોગી કામગીરી માટે જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી. તે અનુસંધાને ડી.વાય.એસ.પી. સમીર સારડાના માર્ગદર્શન હેઠળ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જેમાં ગત તા.૧૪ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ ટંકારા પંથકમાં એક ફરીયાદી બહારગામ ગયા હતા. ત્યારે અજાણ્યા આરોપીએ તેમના બંધ રહેણાંક મકાનનું તાળું તોડી અંદર પ્રવેશ કરી તિજોરી અને કબાટમાં રાખેલા સોના-ચાંદીના દાગીના તથા રોકડ રકમની ચોરી કરી નાસી ગયો હતો. આ બનાવ અંગે ફરીયાદીએ ટંકારા પોલીસ સ્ટેશનમાં અજાણ્યા આરોપી સામે ગુનો નોંધાવ્યો હતો. આ ગુનાની તપાસ દરમિયાન મોરબી જીલ્લા પોલીસ દ્વારા આરોપીને ઝડપી પાડી તેની પાસેથી સોના-ચાંદીના દાગીના તેમજ રોકડ રકમ મળી કુલ રૂ.૨૬,૦૪,૧૦૫/-નો મુદ્દામાલ કબજે કર્યો હતો. બાદમાં ટંકારા કોર્ટના હુકમ અનુસાર આ મુદ્દામાલ ફરીયાદીને પરત સોંપવામાં આવ્યો હતો. આ ઉપરાંત ટંકારા પોલીસ સ્ટેશન વિસ્તારમાં અલગ-અલગ અરજદારોના ગુમ થયેલા કુલ ૭ મોબાઈલ ફોન કિંમત રૂ.૧,૩૮,૨૮૭/-ના પણ શોધી કાઢી અરજદારોને પરત આપવામાં આવ્યા હતા. આ રીતે તેરા તુજકો અર્પણ કાર્યક્રમ અંતર્ગત કુલ રૂ.૨૭,૪૨,૩૯૨/-નો મુદ્દામાલ મોરબી જીલ્લા પોલીસ દ્વારા મૂળ માલિકોને પરત સોંપવામાં આવ્યો હતો.

# મોટર સાયકલ વાહનોની સીરિઝ GJ-03-QBનું ઓકશન ૧૩ માર્ચથી શરૂ કરાશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી, રાજકોટ દ્વારા મોટર સાયકલ વાહનોને લગતી સીરિઝ GJ-03-QBનું ઓકશન તા. ૧૩ માર્ચ, ૨૦૨૬થી શરૂ કરાશે. જેમાં ગોલ્ડન, સિલ્વર નંબર મેળવવા માટે ઇચ્છુક વાહનમાલિકો તેમના વાહનનું http://parivahan.gov.in/fancy પર રજીસ્ટ્રેશન કરીને ભાગ લઈ શકશે.

મોટર સાયકલ તથા અગાઉની સીરિઝના ગોલ્ડન, સિલ્વર નંબર મેળવવા માટે તા. ૧૩ માર્ચના રોજ સાંજે ૪ કલાકથી તા. ૧૮ માર્ચના રોજ સાંજે ૪ કલાક દરમિયાન ઓનલાઇન એપ્લિકેશન કરવાની રહેશે. તેમજ તા. ૧૮ માર્ચના રોજ સાંજે ૪:૦૧ કલાકથી તા. ૨૦ માર્ચના રોજ સાંજે ૪ કલાક સુધી ઓનલાઇન ઓકશનમાં બિડિંગ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ તા. ૨૦ માર્ચના રોજ સાંજે ૪:૧૫ કલાકે ઓનલાઇન પરિણામ જાહેર થશે.

**વાહન નોંધણીની ઓનલાઇન પ્રક્રિયા**

- અરજદારે parivahan.gov.in વેબસાઇટ પર જવાનું રહેશે. ત્યારબાદ વેબસાઇટમાં દર્શાવેલા ઓનલાઇન સર્વિસ પર ક્લિક કરીને fancy number booking પર ક્લિક કરવાનું રહેશે.
- ત્યારબાદ પબ્લિક યુઝર પસંદ કરીને આઈ.ડી. બનાવવાનું રહેશે. ત્યારબાદ સી.એન.એ. ફોર્મ ઓનલાઈન ભરવાનું રહેશે. પસંદગીનો નંબર સિલેક્ટ કરીને દર્શાવેલી ફી પૈકી ઓછામાં ઓછી ફી ભરવાની રહેશે.
- ત્યારપછી હરાજીમાં ભાગ લઈને નંબર મેળવ્યા બાદ ૦૫ દિવસમાં હરાજીની બાકીની રકમ ભરવાની રહેશે.
- હરાજીની રકમ ભર્યા બાદ આર.ટી.ઓ. કચેરીએથી અપ્રુઅલ લઈને નંબર મેળવવાનો રહેશે.
- અરજદારે વાહન ખરીદીના ૦૭ દિવસમાં સી.એન.એ. ફોર્મ ભરવાનું રહેશે.

ઉલ્લેખનીય છે કે વાહનનું રજીસ્ટ્રેશન કરાવેલું હોવું જરૂરી છે. વાહન ખરીદી તારીખથી ૦૭ દિવસની અંદર સી.એન.એ. ફોર્મ ઓનલાઈન ભરેલ હોવું ફરજિયાત છે. સમય મર્યાદા બહારની અરજી માન્ય ગણવામાં આવશે નહીં, તેમ પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરીની યાદીમાં જણાવાયું છે.

# મોરબી જીલ્લા પંચાયતની ખાસ સામાન્ય સભામાં સ્વભંડોળ અને રેતી રોયલ્ટીના કરોડો રૂપિયાના કામોને બહાલી





**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જીલ્લા પંચાયતની ખાસ સામાન્ય સભા પ્રમુખ હંસાબેન પારેધીના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. જેમાં કુલ ૨૪ સભ્યોમાંથી માત્ર ૧૩ સભ્યો જ હાજર રહ્યા હતા. સભામાં સ્વભંડોળ અને રેતી રોયલ્ટીના કામો સહિત વિવિધ વિકાસ કામોને મંજૂરી આપવામાં આવી હતી.

મોરબી જીલ્લા પંચાયતની ખાસ સામાન્ય સભા આજે તા. ૧૦ માર્ચે જીલ્લા પંચાયત પ્રમુખ હંસાબેન પારેધીના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. આ બેઠકમાં જીલ્લા પંચાયતના કુલ ૨૪ સભ્યોમાંથી પ્રમુખ અને ઉપપ્રમુખ સહિત માત્ર ૧૩ સભ્યો હાજર રહ્યા હતા, જ્યારે વિપક્ષના ૧૦ સભ્યોમાંથી માત્ર ૨ સભ્યો જ હાજર રહ્યા હતા. આમ કુલ ૧૧ સભ્યો ગેરહાજર રહ્યા હતા. સભામાં વિવિધ વિકાસ કાર્યો અંગે મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યા હતા. જેમાં જીલ્લા પંચાયતના સ્વભંડોળમાંથી હેતુફેરના રૂ.૨૨ લાખના કામોને મંજૂરી આપવામાં આવી હતી. ઉપરાંત રૂ.૧ કરોડની સૈદ્ધાંતિક મંજૂરી તેમજ રૂ.૧ કરોડ ૯૨ લાખની વહીવટી મંજૂરી આપવામાં આવી હતી. આ સાથે જીલ્લા પંચાયત કચેરી હસ્તકના નાયબ જીલ્લા વિકાસ અધિકારી (પંચાયત) દ્વારા ઉપયોગમાં લેવાતા જૂના બોલેરો રજી.નં. જીજે-૦૩-જીએ-૦૩૩૩નું ૧૦ વર્ષનું આયુષ્ય પૂર્ણ થઈ જતા તેને રદબાતલ કરી તેના સ્થાને નવું વાહન ખરીદવાની મંજૂરી પણ આ સભામાં આપવામાં આવી હતી.

# ઉનાના ખજુદ્રા ગામે જાહેરમા જુગાર રમતા ૬ને ઉના પોલીસે ઝડપી પાડ્યા



## રોકડા ૬૪૩૬૦ સહિતના મુદ્દામાલ સાથે ઝડપાયા

**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**

ઉના તાલુકાના ખજુદ્રા ગામે ઉના પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર એન.બી.ચૌહાણની સુચનાથી ઉના પો.સ્ટે.ના સર્વલન્સ સ્ટાફના માણસો પો.સ્ટે.વિસ્તાર પેટ્રોલિંગમા હતા તે દરમ્યાન એ.એસ.આઇ. શાંતિલાલ વેલાભાઇ સોલંકી તથા પો.હે.કો. કોન્સ.ભાવસિંહ ગોવિંદભાઈ પરમાર ખાનગી રાહે હકીકત મળેલ કે, ખજુદ્રા ગામે અમુક ઈસમો પૈસા પાનાથી હાર-જીતનો જાહેરમાં જુગાર રમી રમાડે છે.તેવી હકિકત આધારે રેઈડ કરતા મજકુર ઈસમો તથા જુગારના સાહીત્ય સાથે મળી કુલ રોકડા રૂપિયા-૬૪,૩૬૦/-ના મુદ્દામાલ સાથે પકડી પાડી ગણનાપાત્ર કેશ અંગેની સફળ રેઈડ કરવામાં આવેલ છે.તે અંગે ઉના પોલીસ સ્ટેશનમા જુગારા ધારા કલમ હેઠળ ગુન્હો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# ''સોલાર પાર્ક અને અલ્ટ્રા મેગા સોલાર પાવર પ્રોજેક્ટ્સ વિકાસ'' યોજના હેઠળ ૧૨,૧૫૦ મેગાવોટ ક્ષમતા સાથે ગુજરાત પ્રથમ ક્રમે

## ઊર્જા રાજ્યમંત્રીનો રાજ્યસભા સાંસદ પરિમલ નથવાણીને પ્રત્યુત્તર

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

ભારત સરકારે ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૬ સુધીમાં ''સોલાર પાર્ક અને અલ્ટ્રા-મેગા સોલાર પાવર પ્રોજેક્ટ્સ વિકાસ'' યોજના હેઠળ ૫૪ સોલાર પાર્કને મંજૂરી આપી છે. આમાંથી, ૭ સોલાર પાર્ક ગુજરાતમાં છે. આ યોજના હેઠળ ૧૨,૧૫૦ મેગાવોટ મંજૂર વીજ ઉત્પાદન ક્ષમતા સાથે ગુજરાત રાજ્ય પ્રથમ ક્રમે છે. કેન્દ્રીય નવી અને નવીનીકરણીય ઊર્જા અને ઊર્જા રાજ્યમંત્રી શ્રી શ્રીપાલ યેસો નાઈકે ૧૦ માર્ચ, ૨૦૨૬ ના રોજ રાજ્યસભામાં સાંસદ શ્રી પરિમલ નથવાણી દ્વારા પૂછ્વામાં આવેલા પ્રશ્નનો લેખિત જવાબ આપતા આ માહિતી ઉપબલ્ધ બનાવી હતી.

ગુજરાત પછી, રાજસ્થાન ૧૦,૭૨૬ મેગાવોટની મંજૂર વીજ ઉત્પાદન ક્ષમતા ધરાવતા કુલ ૧૧ સોલાર પાર્ક સાથે બીજા ક્રમે છે. દેશમાં ૫૪ સોલાર પાર્કની કુલ મંજૂર વીજ ઉત્પાદન ક્ષમતા ૩૯,૧૮૮ મેગાવોટ છે. પ્રોજેક્ટ્સના અમલીકરણમાં આવતી મુશ્કેલીઓ વિશે વાત કરતા મંત્રીએ જણાવ્યું હતું કે, સોલાર પાર્ક યોજના સહિત સૌર ઊર્જા પ્રોજેક્ટના અમલીકરણમાં આવતા મુખ્ય પડકારોમાં મુખ્યત્વે જમીન સંપાદન, ટ્રાન્સમિશન ઇન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવા અને રિન્યુએબલ એનર્જી પ્રોજેક્ટ્સના વિકાસ માટેની સમયરેખા સાથે તાલમેલ સાધવો, અને ટેરિફ અપનાવવામાં વિલંબ વગેરેનો સમાવેશ થાય છે. તેમણે જણાવ્યું કે, મંત્રાલય સંબંધિત રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશો અને અન્ય હિતધારકો સાથે નિયમિત બેઠકો અને વાતચીત દ્વારા આ પડકારોને હળવા કરવા માટેના તમામ જરૂરી પ્રયાસો કરી રહ્યું છે.

નથવાણી અલ્ટ્રા મેગા સોલાર પાવર પ્રોજેક્ટ્સ યોજના હેઠળ વિકસિત અથવા વિકસાવવામાં આવી રહેલા સોલાર પાર્કની સંખ્યા, દેશમાં આ સોલાર પ્રોજેક્ટ્સની મદદથી ઉર્જા ઉત્પાદનના લક્ષ્યાંકોની વિગતો અને આ યોજનાના અમલીકરણમાં આવતા મુખ્ય પડકારોને દૂર કરવા માટે સરકાર દ્વારા લેવામાં આવેલા પગલાં વિશે જાણવા માંગતા હતા.

# માળીયા(મી)ના નવાગામ ગામે દેશી દારૂ બનાવવાનો ૪૦૦ લીટર ઠંડો આથો પકડાયો, આરોપી ફરાર

માળીયા(મી) પોલીસને બાતમી મળી કે, નસરૂદીન ઈશાકભાઈ જેડા રહે. નવાગામ તા.માળીયા(મી) વાળો નવાગામની સીમમાં આવેલ નદીના કાંઠે દેશી દારૂ બનાવવાની ભઠ્ઠી ચલાવે છે, જેથી મળેલ બતમીબે આદગારે ઉપરોક્ત સ્થળે માળીયા(મી) પોલીસે રેઈડ કરતા જ્યાં દેશી દારૂ બનાવવા ઉપયોગમાં લેવાતો બે બેરલમાં ભરેલ ઠંડો આથો ૪૦૦ લીટર કિ.રૂ.૧૦,૦૦૦/-મળી આવ્યો હતો. રેઈડ દરમિયાન આરોપી નસરૂદીન ઈશાકભાઈ જેડા હાજર નહિ મળી આવતા તેને આ કેસમાં વોન્ટેડ જાહેર કરી તેની વિરુદ્ધ પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ખેતરમાં ગાંજાનું વાવેતર કરનાર ખેડુત આરોપીના જામીન રાજકોટ સેશન્સ કોર્ટમાં મંજુર

**આરોપી તરફે રાજકોટના વકીલ રૂપરાજસિંહ પરમાર, અજીતભાઈ પરમાર, હુસૈનભાઈ હેરંજા, રવિભાઈ લાલ, જયદેવસિંહ ઝાલા, પાર્થરાજસિંહ ઝાલા, જીતભાઈ શાહ, દિપકભાઈ ભાટિયા, અંકિતભાઈ ભટ્ટ, રહિમભાઈ હેરંજા તથા પ્રેમરાજસિંહ પરમાર રોકાયેલ હતા**


રૂપરાજસિંહ પરમાર (આરોપી ના એડવોકેટ)

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગત તારીખ૧૩/૧૨/૨૦૨૫ના રોજ વિંછીયા પોલીસ સ્ટેશનમાં એ.એસ.આઈ. તરીકે ફરજ બજાવતા ફરીયાદી સંજયભાઈ ભગવાનદાસ નિરંજનીએ આ ગુન્હાની આપેલ ફરીયાદ મુજબ વિંછીયા પોલીસ સ્ટેશનમાં ખાનગી રાહે બાતમી મળેલ હોય કે આ ગુન્હાના આરોપી શામજીભાઈ સવાભાઈ ઝાપડીયા અમરાપુર ગામની સીમમાં પોતાની કબ્જા ભોગવટા વાળી વારસાઈની વાડી(ખેતર)માં ગેરકાયદેસર રીતે વનસ્પતિજન્ય માદકપદાર્થ (ગાંજા)નાં છોડનું વાવેતર કરેલ છે. સદરહું બાતમી મળતા ડી.વાય.એસ.પી. સાહેબને જાણ કરી, સરકારી પંચોને બોલાવી રેઈડ માટેની જરૂરી તૈયારી કરી, રેડીંગપાર્ટી એ રેઈડ માટેનું આયોજન કરી, એન.ડી.પી.એસ. નાં કાયદા મુજબના ઠરાવો કરી, એફ.એસ.એલ અધિકારીને રેઈડ વાળી જગ્યાએ બોલાવી, સ્ટેશન ડાયરી માં સદરહું તમામ કાર્યવાહી નોંધી વિંછીયા થી જસદણ તરફ જવાના રસ્તે અમરાપુર ગામ પહોંચી બાતમી હકીકત વાળી જગ્યાએ અમરાપુર ગામની સીમમાં આરોપી શામજીભાઈ સવાભાઈ ઝાપડીયાની વાડી(ખેતરે) રેઈડ કરવા માટે પહોંચેલ જયાં આરોપી શામજીભાઈ સવાભાઈ ઝાપડીયા હાજર મળી આવેલ અને આરોપીએ પોતાના કબ્જા ભોગવટા વાળી વાડી(ખેતર) માં કપાસનું વાવેતર કરેલ હોય જેમાં કપાસની વચ્ચે અલગ-અલગ જગ્યાએ માદકપદાર્થ (ગાંજા)નું વાવેતર કરેલ હોય જેમાં મુળથી ઉખાડેલા પાંદડા વગરના છોડ, લીલા છોડ, આખા છોડ, અડધા કાપેલા છોડ તેમજ એક કાળા કલરની પ્લાસ્ટીકની કોથળીમાં આછા સુકા લીલા પાંદડા મળી આવેલ હોય જે તમામ મુદ્દામાલનું હાજર એફ.એસ.એલ. અધિકારીએ પ્રાથમિક રસાયણિક પરિક્ષણ કરતા કેનાબીસના સક્રિય ઘટક હોવાનું જણાવેલ જેથી સદરહું વનસ્પતિજન્ય માદકપદાર્થ (ગાંજો) હોવાનું પ્રાથમિક તારણ આવતા ખુબ જ મોટા જથ્થામાં ગાંજો કબજે કરી આરોપીની સ્થળ પરથી જ ધરપકડ કરી આરોપી વિરૂદ્ધ એન.ડી.પી.એસ.એકટની કલમ ૮(બી), ૮(સી), ૨૦(બી)(૨-બી), ૨૦(એ)(૧) મુજબનો ગુન્હો નોંધી રાજકોટની સ્પેશ્યલ કોર્ટમાં રજુ કરતા જેલ હવાલે કરવામાં આવેલ.

ત્યારબાદ જેલમાં રહેલ આરોપી શામજીભાઈ સવાભાઈ ઝાપડીયાએ પોતાના વકીલ રૂપરાજસિંહ પરમાર મારફત રાજકોટની સ્પેશ્યલ એન.ડી.પી.એસ.કોર્ટમાં જામીન અરજી દાખલ કરેલ જે જામીનઅરજી ચાલી જતા પોલીસ દ્વારા જામીન અરજીનો વિરોધ કરવા સોગંદનામું રજુ કરી રજુઆત કરેલ કે આરોપીનું પોતાની માલિકીનું ખેતર હોય, આરોપી હાજર મળી આવેલ હોય કાયદા મુજબ વધુ પ્રમાણમાં માદકપદાર્થ (ગાંજા)નો જથ્થો હોય જામીન મંજુર નહી કરવા રજુઆત કરેલ જેથી ઉભયપક્ષોની રજુઆતો સાંભળી આરોપી તરફે થયેલ દલીલો તેમજ ઉચ્ચ અદાલતોના રજુ કરવામાં આવેલ ચુકાદાઓને ધ્યાને લઇ રાજકોટ સ્પેશ્યલ એન.ડી.પી.એસ.કોર્ટ દ્વારા આરોપીની જામીન અરજી મંજુર કરી આરોપીને જામીન મુકત કરવાનો હુકમ કરેલ.

આ કામમાં આરોપી શામજીભાઈ સવાભાઈ ઝાપડીયા તરફે રાજકોટના વકીલ રૂપરાજસિંહ પરમાર, અજીતભાઈ પરમાર, હુસૈનભાઈ હેરંજા, રવિભાઈ લાલ, જયદેવસિંહ ઝાલા, પાર્થરાજસિંહ ઝાલા, જીતભાઈ શાહ, દિપકભાઈ ભાટિયા, અંકિતભાઈ ભટ્ટ, રહિમભાઈ હેરંજા તથા પ્રેમરાજસિંહ પરમાર રોકાયેલ હતા.

# મેટોડા જીઆઇડીસીમાં ગાંજાના જથ્થા સાથે પેડલર ઝડપાયો: રૂ.૨.૬૩ લાખનો મુદ્દામાલ કબ્જે



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારોમાં પરપ્રાંતિય મજૂરોનો વસવાટ ખુબ જ બહોળા પ્રમાણ હોય અને આ પરપ્રાંતિય મજૂરો પહેલેથી જ વ્યસનના આદી હોય જેના કારણે દારૂ અને માદક પદાર્થનું વેચાણ કરતા શખ્સો માટે ઈન્ડસ્ટ્રીઝ એરીયા વેપારનું માધ્યમ બની ગયા હોય તેમ મેટોડા જીઆઈડીસીમાં ખુલેઆમ ચાલતા દારૂના હાટડા અને માદક પદાર્થના વેચાણની ફરીયાદોના પગલે ગ્રામ્ય એસઓજીની ટીમે એક શખ્સને ગાંજાના જથ્થા સાથે દબોચી લઇ રૂ.૨.૬૩ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

આ અંગેની માહિતી મુજબ ગ્રામ્ય એસઓજીના પીઆઇ એફ.એ.પારગીની સુચનાથી પીએસઆઇ પી.બી.મીશ્રા, એએસઆઇ વિપુલભાઇ, હેડ કોન્સ. મયુરભાઇ સહિતનો સ્ટાફ મેટોડાના ઈન્ડસ્ટ્રીઝ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે હકિકત મળી હતી કે, કાલાવડથી મેટોડા જીઆઇડીસી તરફ એક શખ્સ રીક્ષામાં ગાંજાનો જથ્થો લઇ વેચાણ કરવા આવી રહ્યો હોવાની હકિકતના આધારે એસઓજીની ટીમે મેટોડા જીઆઇડીસી ગેઇટ-૨ પાસે વોચ ગોઠવી હતી. તે દરમ્યાન ઓટો રીક્ષા નંબર જીજે૧૧યુયુ૩૫૦૫માં હાબિલ હનીફ બ્લોચ (રહે.મેટોડા જીઆઇડીસી, ઓમ હોસ્પિટલની બાજુમાં, ભાડાના મકાનમાં) નામનો શખ્સ શંકાસ્પદ રીતે નિકળતા પોલીસે અટકાવી રીક્ષાની તલાસી લેતા માદક પદાર્થ ગાંજો ૮૬૧ ગ્રામ કિંમત રૂ.૪૩૦૦૦નો જથ્થો મળી આવતા પોલીસે મોબાઇલ, રીક્ષા સહિત રૂ.૨.૬૩ લાખનો મુદ્દામાલ કબ્જે કરી શખ્સની ધરપકડ કરી હતી.

# શહેરીજનોને પોલીસની ખોટી ઓળખ આપી તોડ કરનાર કુખ્યાત શખ્સ વધુ એકવાર પાસામાં ધકેલાયો

## ઘરફોડ ચોરીના ગુન્હામાં જામનગરના બે તસ્કર પાસામાં સુરત અને વડોદરા જેલમાં ધકેલાયા






**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરના અલગ-અલગ વિસ્તારમાં એકલ દોકલ વ્યકિતને અટકાવી તમે ખોટુ કામ કર્યુ છે તેમ કહી પોલીસ હોવાનો ઢોંગ કરી તોડ કરતો પોપટપરાનો કુખ્યાત શખ્સને વધુ એકવાર પોલીસે પાસામાં વડોદરા જેલમાં ધકેલી દીધો છે.

આ અંગેની પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી મુજબ શહેરી વિસ્તારમાં પોલીસ હોવાની ખોટી ઓળખ આપી બળજબરીથી લોકો પાસે પૈસા પડાવવાના ગુન્હામાં અગાઉ એ-ડિવિઝન, ભક્તિનગર, બી-ડિવિઝન અને ગોંડલ પોલીસના ચોપડે ચડી ચુકેલો મીહિર ભનુ કુગસીયા (રહે.પોપટપરા, શેરી નં.૫)ની પીસીબીના ઈન્ચાર્જ પીઆઇ એમ.આર.ગોંડલીયા, એમ.જે.હુણની સુચનાથી પીએસઆઇ પી.બી.ત્રાજીયા, આર.કે.જાડેજા સહિતના સ્ટાફે અટકાયતમાં લઇ તેના પાસાના કાગળો તૈયાર કરી પોલીસ કમિશનરને મોકલાવતા અને તેના પર સીપી બ્રજેશકુમાર ઝાએ મહોર લગાવી દેતા પોલીસે પાસાના વોરંટની બજવણી કરી આ કુખ્યાત મીહિર ભાનુ કુગસીયાને પાસામાં વડોદરા જેલમાં ધકેલી દેવામાં આવ્યો છે.

જયારે એ-ડિવિઝન પોલીસ મથકના પીઆઇ બી.વી.બોરીસાગરની સુચનાથી પીએસઆઇ એસ.એમ.રાણા, એએસઆઇ બી.વી.ગોહિલ સહિતના સ્ટાફે અગાઉ રાજકોટ શહેરમાં ઘરફોડ ચોરીના ગુન્હામાં પોલીસ ચોપડે ચડી ચુકેલા અને જામનગરના સરૂએકસા રોડ પર મોદી સ્કૂલની બાજુમાં શ્રધ્ધા એપાર્ટમેન્ટમાં રહેતો અમીન અબદુલ તરૈયા અને ગાંધીનગર રેલ્વે સ્ટેશન પાછળ જામનગરમાં રહેતો મુકેશ જસુ વાળા નામના બે શખ્સોની અટકાયત કરી તેના પાસાના કાગળો તૈયાર કરી પીસીબી શાખાને મોકલાવતા ઈન્ચાર્જ પીઆઇ એમ.આર.ગોંડલીયાની સુચનાથી એએસઆઇ રાજુભાઇ, હેડ કોન્સ. ઈન્દ્રજીતસિંહએ પાસાની દરખાસ્ત તૈયાર કરી વડી કચેરીએ મોકલાવતા તેના પર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાએ મહોર લગાવી દેતા પોલીસે પાસાનું વોરંટ બજવણી કરી જામનગના આ બન્ને તસ્કરોને સુરત અને વડોદરા જેલમાં ધકેલી દેવામાં આવ્યા છે.

# સત્યમપાર્કમાં નશાખોર પતિએ બેફામ માર મારતા પત્નીએ ફિનાઇલ ગટગટાવ્યું



## સિવિલ હોસ્પિટલમાં સારવારમાં પત્ની દાખલ થયા બાદ પતિએ હોસ્પિટલ માથે લઇ આતંક મચાવ્યો : પ્ર.નગર પોલીસે પતિ સામે દારૂ પી ડિંગલ કરવા બાબતે ગુન્હો નોંધી ધરપકડ કરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના ૮૦ ફૂટ રોડ પર આવેલા હ્યુન્ડાઇ શોરૂમની સામે સત્યમ પાર્કમાં રહેતી મહિલાએ પતિના આડા સંબંધનો વિરોધ કરતા નશાખોર પતિએ પત્નીને બેફામ મારમારતા લાગી આવતા પરણીતાએ ફિનાઇલ ગટગટાવી લઇ આપઘાત કરવાનો પ્રયાસ કરતા સારવારમાં સરકારી હોસ્પિટલે ખસેડવામાં આવ્યા બાદ નશાખોર પતિએ સિવિલ હોસ્પિટલને માથે લઇ આતંક મચાવતા પ્ર.નગર પોલીસે કાર્યવાહી કરી હતી.

આ અંગેની પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી મુજબ ૮૦ ફૂટ રોડ પર આવેલા સત્યમપાર્કમાં રહેતી જયશ્રીબેન નવીન ચાંડપા નામની મહિલા ગઇકાલે રાત્રીના ૧૧:૩૦ વાગ્યે પોતાના ઘરે હતી ત્યારે તેનો પતિ નવીન ચાંડપાના અન્ય સ્ત્રી સાથેના આડાસંબંધનો વિરોધ કરતા નશાખોર પતિએ મહિલાને બેફામ માર મારતા લાગી આવતા જયશ્રીબેને ફિનાઇલ પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. બનાવના પગલે મહિલાને તાત્કાલીક સારવાર સરકારી હોસ્પિટલે ખસેડવામાં આવ્યા બાદ આ અંગે થોરાળા પોલીસને જાણ કરવામાં આવી હતી.

આ ઘટના બાદ નશામાં ધુત પતિ નવીન ચાંડપા સિવિલ હોસ્પિટલે પહોંચ્યો હતો અને હોસ્પિટલ માથે લઇ આતંક મચાવવાનું શરૂ કર્યુ હતું. આ ઘટનાના પગલે જયશ્રીબેનના ભાઇ દેવજીભાઇ રાઠોડ (રહે.રફાળા ગામ)એ પોલીસના જાહેર નંબર ૧૧૨ પર ફોન કરી પોલીસને બોલાવતા એ-ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારની પીસીઆર વાનના ઈન્ચાર્જ લલીતભાઇ વાઘેલા સહિતનો પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયા હતા. આ સમયે જયશ્રીબેનના ભાઇ દેવજીભાઇ રાઠોડે તેની બહેનને જબરજસ્તીથી તેના બનેવી નવીન ચાંડપાએ ફિનાઇલ પીવડાવી દીધી હોવાનો આક્ષેપ કર્યો હતો. બનાવના પગલે પીસીઆર વાનના ઈન્ચાર્જ પોલીસ સ્ટાફે નશામાં ધુત નવીન ચાંડપાને અટકાયતમાં લઇ પ્ર.નગર પોલીસ સ્ટેશન ખાતે સોંપવામાં આવ્યો હતો.

પ્રદ્યુમન પોલીસ મથકના કોન્સ. ભગીરથસિંહ પ્રવિણસિંહ રાણાએ સત્યમ પાર્ક શેરી નં.૧ ૮૦ ફૂટ રોડ પર રહેતો અને રાજકોટ સિવિલ હોસ્પિટલ માથે લઇ દારૂના નશામાં આતંક મચાવનાર નવીન ચકુ ચાંડપા સામે દારૂ પીધાનો ગુન્હો નોંધી ધરપકડ કરી લોકઅપમાં નાખ્યો હતો. આ ગુન્હાની વધુ તપાસ પ્ર.નગર પોલીસ મથકના હેડ કોન્સ. કે.પી.ગોહિલ ચલાવી રહ્યા છે.

# ગ્રીનલેન્ડ ચોકડી પાસેથી એમ્બરગ્રીસ સાથે અમદાવાદના બે શખ્સોની ધરપકડ

## રૂ. ૪૬.૨૦ લાખની વ્હેલ માછલીની ઉલ્ટી (એમ્બરગ્રીસ) સાથે અમદાવાદના બે શખ્સોને વનવિભાગના હવાલે કર્યા




**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં ૪૬.૨૦ લાખની કીમતની ૦.૪૬૨ કી.ગ્રા. વ્હેલ માછ્લીની ઉલ્ટી (એમ્બરગ્રીસ) સાથે અમદાવાદના બે શખ્સોને ગ્રીનલેન્ડ ચોકડી પાસેથી એસ.ઓ.જીની ટીમે ઝડપી લઇ બન્નેને વન વિભાગના હવાલે કર્યા છે. રાજકોટ શહેરના પોલીસ કમિશ્નર બ્રજેશ કુમાર ઝા, ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવા, એસીપી (ક્રાઈમ) ભરત બી.બસીયા દ્વારા શહેર આજુ બાજુ દરિયાઈ વિસ્તાર આવેલ હોય જેથી વન્યપ્રાણી સંરક્ષણ અધિનીયમો ભંગ કરનાર ઇસમો ઉપર વોચ રાખી તેમની વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા સુચના આપેલ હોય રાજકોટ શહેર વિસ્તારના નજીકના જીલ્લાઓ દરિયાઈ વિસ્તાર ધરાવે છે જેથી આ દરીયાઇ વિસ્તાર તેમજ દરિયાઈ સંરચક્ષત જીવોના અવશેષોના વેચાણ સંગ્રહ અને હેરાફેરીની ગેરકાયદેસર પ્રવુતી કરતા ઇસમો ઉપર વોચ ગોઠવી આરોપીને પકડી પાડી કાયદેસર કાર્યવાહી કરવા સુચના અને માર્ગદર્શન આપેલ હોય.

જે અન્વયે એસઓજીના પી.આઈ એસ.એમ. જાડેજાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એમ.વી.જાડેજાની ટીમેને મળેલી ચોક્કસ બાતમી આધારે ગ્રીનલેન્ડ ચોકડી પાસે ગ્રીનલેન્ડ ગ્લોસી બિલ્ડિંગની બાજુમાંથી અમદાવાદના અમરાઈવાડી શીવાનંદનગર નાગરવેલ હનુમાન પાસે ગલી નં.૭૫/૧૨૭૨માં રહેતા સુમીત શ્રીકાંતભાઈ ઘુલમ (ઉ.વ.૩૭) અને માધવ પાર્ક શેરી નં.૨ ઘર નં.૩૨ એસ.પી. રિંગ રોડ વસ્ત્રાલ માધવ સ્કુલની બાજુમાં ભાડાના મકાનમાં અમદાવાદ રહેતા મયુર મહેન્દ્રભાઈ ભાવસાર (ઉ.વ. ૧૯)ની ધરપકડ કરી હતી.

બંને પાસે થી રૂ. ૪૬.૨૦ લાખની કીમતની ૦.૪૯૨ કી.ગ્રા. વ્હેલ માછ્લીની ઉલ્ટી (એમ્બરગ્રીસ) કબજે કરવામાં આવી હતી. આ વ્હેલ માછ્લી ઉલ્ટીની કિંમત બહુ ઉંચી હોવાનું જણાવતા હોય તેનું વેચાણ કરવા ગ્રાહકો શોધખોળ કરતા હોવાનુ જણાવેલ. કબજે કરેલ વ્હેલ માછ્લીની ઉલ્ટી (એમ્બગ્રીસ) રેન્જ ફોરેસ્ટ ઓફીસર તેમજ એફ.એસ.એલ.અધિકારી દ્વારા પરીક્ષણ અને તપાસ કરી બીએનએસએસની કલમ -૧૦૬ મુજબ કબ્જે કરવામાં આવેલ છે બન્નેને વધુ તપાસ માટે વનવિભાગના હવાલે કરવામાં આવ્યા હતા.

# શ્રીનાથજી પ્લોટમાં પુત્રીના પ્રેમલગ્નથી વ્યથિત માતાએ ફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના મવડી વિસ્તારમાં આવેલા પ્લોટમાં રહેતા મહિલાએ ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો.પ્રાથમિક તપાસમાં મોટી પુત્રીએ પાંચેક માસ પૂર્વે લવમેરેજ કરી લીધા બાદ મહિલા ગુમસુમ રહેતા હતા.તેના આઘાતમાં પગલું ભર્યાનું જાણવા મળ્યું છે. આ અંગેની માહિતી મુજબ મવડીના શ્રીનાથજી સોસાયટીમાં રહેતા કાજલબેન દિપકભાઈ રાઠોડ ઉ.૪૦ નામના મહિલાએ પોતાના ઘરે ઉપરના માળે ગળેફાંસો ખાઈ લીધો હોવાની પરિવારે ૧૦૮ને જાણ કરતા ઈએમટી સહિતનો સ્ટાફ દોડી જઈ મહિલાને તપાસી મૃત જાહેર કરી માલવીયાનગર પોલીસને જાણ કરતા હેડ કોન્સટેબલ સાગરભાઈ, રાઈટર વિમલભાઈ સહિતનો સ્ટાફ દોડી જઈ મૃતદેહને પીએમ અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડી તપાસ હાથ ધરતા મૃતકને સંતાનમાં બે પુત્રી છે. દંપતિ પોતે કેટરર્સનું કામ કરે છે.પતિ કામ અર્થે બહાર ગયા હતા.પાંચ માસ પૂર્વે મૃતકની પુત્રીએ પ્રેમલગ્ન કર્યા હોય ત્યારથી તે ગુમસુમ રહેતા હોય જેથી તેના આઘાતમાં સવારે ચા પીને ઉપર રૂમમાં ગયા બાદ પગલું ભરી લેતા બે સંતાનોએ માતાનું છત્ર ગુમાવ્યું છે.

# કળયુગી પુત્રએ મિલ્કત માટે જનેતાને મારી નાખવાની ધમકી આપી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સરીતા વિહાર સોસાયટીમાં રહેતાં વૃધ્ધાને અલગ રહેતો પુત્ર મકાન પચાવી પાડવા બેફામ બન્યો હતો અને ફોનમાં માતાને બેફામ ગાળો ભાંડી જાનથી મારી નાખવાની ધમકી આપતાં ગુનો નોંધાયો હતો.

બનાવ અંગે સરીતા વિહાર સોસાયટી પાસે શ્રી હાઉસીંગ સોસાયટીમાં રહેતાં હંસાબેન મહેંદ્રભાઈ ડાભી (ઉ.વ.૬૦) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે તેમના પુત્ર રાહુલ મહેન્દ્ર ડાભીનું નામ આપી જણાવ્યું હતું કે તેઓ પત્નિ નંદીની સાથે રહે છે. બે દર આશીષભાઈ સાથે અલગ રહે છે.

ગઈ રાત્રીના આશરે સવા દશેક વાગ્યેના અરસામા વૃધ્ધા તેમના નાના દીકરા આશીષભાઈના ઘરે હતાં ત્યારે મોટા દીકરા રાહુલ ડાભીનો ફોન આવેલ અને કહેલ કે, તુ તારા વીરાણી ચોક વાળુ મકાન મને આર્પી દે તેમ કહી ફોનમા બોલાચાલી ઝઘડો કરીને ગાળો આપવા લાગેલો હતો. જેથી દિકરા રાહુલને કહેલ કે, તે મકાન મારા નામનુ છે, તને તે મકાન નહી મળે. તો રાહુલ કહેવા લાગેલ કે, તુ વીરાણી ચોક વાળુ મકાન મને આપી દે જે નહીતર તને તથા તારા દીકરા આશીષને છરીના ઘા ઝીંકી જાનથી મારી નાખીશ તેવી ફોનમા ધમકી આપેલી હતી. બનાવ અંગેની ફરીયાદ પરથી યુની. પોલીસે ગુનો નોંધી તપાસ આદરી હતી.

# મિલકતવેરા અને પાણી વેરાની વસુલાત માટે વિશેષ આયોજન

## જાહેર રજાઓમાં પણ વેરા વસુલાત શાખાની કામગીરી ચાલુ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાની વેરા વસુલાત શાખા દ્વારા ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ના આવક લક્ષ્યાંકને સિદ્ધ કરવા માટે વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. તે મુજબ તા. ૧૫/૦૧/૨૦૨૬ થી તા. ૩૧/૦૩/૨૦૨૬ દરમિયાન જાહેર રજાના તમામ દિવસોમાં પણ વેરા વસુલાત શાખા, અસેસમેન્ટ સેલ તેમજ રીકવરી સેલની કામગીરી નિયમિત રીતે ચાલુ રાખવામાં આવી છે, જેથી નાગરિકોને વેરા ભરવામાં કોઈ અસુવિધા ન થાય અને તેઓ સરળતાથી પોતાની બાકી રકમ ભરપાઈ કરી શકે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા હાલમાં તા. ૩૧/૦૩/૨૦૨૬ સુધી મિલકતવેરા અને પાણી વેરા પર વ્યાજ માફી સ્કીમ અમલમાં રાખવામાં આવી છે. આ સ્કીમ અંતર્ગત નાગરિકો પોતાની બાકી રહેલ મિલકતવેરા અને પાણી વેરાની રકમ ભરી વ્યાજમાંથી રાહત મેળવી શકે છે. મહાનગરપાલિકા દ્વારા નાગરિકોને આ સુવર્ણ તકનો લાભ લઈ સમયસર વેરો ભરવા અને શહેરના વિકાસમાં સહભાગી બનવા અપીલ કરવામાં આવે છે.

વેરા ભરવા માટે નાગરિકોના વધતા ધસારાને પહોંચી વળવા તેમજ ઉનાળાની ઋતુને ધ્યાનમાં રાખીને નાગરિકો સવારના સમયગાળામાં સરળતાથી વેરો ભરી શકે તે માટે મહાનગરપાલિકા દ્વારા ખાસ સમય વ્યવસ્થા નક્કી કરવામાં આવી છે.

આ સમયગાળા દરમિયાન તમામ દિવસોમાં, જેમાં બીજા અને ચોથા શનિવાર, રવિવાર તેમજ તહેવારોની જાહેર રજાઓનો સમાવેશ થાય છે, શહેરની તમામ વોર્ડ ઓફિસ, તમામ સિવિક સેન્ટર અને તમામ ઝોનલ કચેરીઓ ખાતે મિલકતવેરા અને પાણી વેરાની વસુલાત સવારે ૯:૩૦ કલાકથી સાંજે ૫ કલાક સુધી ચાલુ રાખવામાં આવશે.

નાણાકીય વર્ષ પૂર્ણ થવાને કારણે અંતિમ દિવસોમાં વધતા વેરા ભરવાના ધસારાને ધ્યાનમાં રાખીને આ સમયગાળા દરમિયાન પણ તમામ દિવસોમાં (બીજા અને ચોથા શનિવાર, રવિવાર તથા તહેવારોની જાહેર રજાઓ સહિત) શહેરની તમામ વોર્ડ ઓફિસ, સિવિક સેન્ટર અને ઝોનલ કચેરીઓ ખાતે મિલકતવેરા અને પાણી વેરાની વસુલાત સવારે ૯:૩૦ કલાકથી સાંજે ૬:૧૦ કલાક સુધી ચાલુ રાખવામાં આવશે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરના તમામ નાગરિકોને વિનંતી કરવામાં આવે છે કે તેઓ વ્યાજ માફી સ્કીમનો લાભ લઈ તા. ૩૧ માર્ચ ૨૦૨૬ પહેલાં પોતાની બાકી રહેલ મિલકતવેરા અને પાણી વેરાની રકમ સમયસર ભરી દે.

નાગરિકોના સહકારથી મહાનગરપાલિકાને આવક લક્ષ્યાંક સિદ્ધ કરવામાં સહાય મળશે તેમજ શહેરના વિવિધ વિકાસકાર્યો અને જાહેર સુવિધાઓને વધુ ગતિ મળશે.

# એડી. સીપી ચૈતન્ય માંડલીક એકશન મોડમાં હિસ્ટ્રીશીટરોને બોલાવી શાનમાં સમજાવ્યા



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના નવનિયુક્ત એડી.સીપી તરીકે આઈપીએસ ચૈતન્ય માંડલીકે ચાર્જ સંભાળતા જ એક્શનમાં મોડમાં આવ્યાં હતાં અને મોડી રાતે ૧૨ વાગે ક્રાઈમ બ્રાન્ચે ૫૦ હિસ્ટ્રીશીટરોને ભેગા કર્યા હતાં અને ગુનાખોરીથી દુર રહેવા ગર્ભિત ચીમકી આપી અમુક છપેલાં કાટલાઓની આકરી સરભરા પણ કરી હતી.

થોડાં દિવસ પહેલાં ડીઆઈજી કેડર સહિતના ૩૭ આઈપીએસ અધિકારીઓની બદલી થઈ હતી. જેમાં શહેર પોલીસમાં એડી. સીપી મહેન્દ્ર બગરીયાના પુરોગામી તરીકે બાહોશ આઈપીએસ અધિકારી અને પૂર્વ અમદાવાદ ડીસીપી ક્રાઈમની બદલી થતાં તેઓએ બપોરના સમયે પોતાનો ચાર્જ સાંભળ્યો હતો.

જે બાદ તેઓ તુરંત જ એકશન મોડમાં આવ્યાં હતાં અને ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવા તેમજ એસીપી ક્રાઈમ ભરત બસીયા સહિતના પોલીસ અધિકારીઓ સાથે બેઠક યોજ્યા બાદ ક્રાઈમ બ્રાન્ચ અને એસઓજીની ટીમને મર્ડર, હત્યાનો પ્રયાસ, મારામારી, ચિલઝડપ સહિતના અવારનવાર ગંભીર પ્રકારના ગુના આચરતાં લુખ્ખાઓને રાત સુધીમાં કાઈમ બ્રાન્ચની કચેરીએ હાજર કરવાં ફરમાન કરતાં તમામ પોલીસ દોડી હતી.

રાતે ૧૦ થતાં જ અંદાજે ૫૦ જેટલા ૫૦ કુખ્યાત હિસ્ટ્રીશીટરોને ક્રાઈમ બ્રાન્ચના મેદાનમાં ભેગા કરવામાં આવ્યાં હતાં. જે બાદ લાંબા સમય બાદ એડી. સીપી કેડરના અધિકારી મેદાનમાં આવ્યાં હતાં. એડી. સીપી ચૈતન્ય માંડલીક, ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવા, એસીપી ભરત બસીયા, ક્રાઈમ બ્રાન્ચના તમામ પીઆઈ સહિતનો સ્ટાફ અને એસઓજીની ટીમ પણ હાજર રહી હતી. ઉચ્ચ પોલીસ અધિકારીઓએ તમામ લુખ્ખાઓને શાનમાં સમજી જવા ટકોર કરી ગર્ભિત ચીમકી પણ આપી હતી કે, જો, ગુનાખોરી આચરી તો પગમાં કાણું પડી જશે.

# ફરિયાદ નોંધવાની કામગીરીમાં ગંભીર બેદરકારી દાખવવા બદલ તાલુકા પોલીસના ASI સસ્પેન્ડ

## મોરબીમાં રેન્જ નિર્લિપ્ત રાયનો સપાટો, SPના આકરા એક્શનથી જિલ્લાના પોલીસ બેડામાં સોપો પડી ગયો



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં રેન્જ આઈજી નિર્લિપ્ત રાયની મુલાકાત બાદ જિલ્લા પોલીસ વડા (એસપી) દ્વારા શિસ્તભંગ અને ફરજમાં બેદરકારી અંગે કડક કાર્યવાહી કરવામાં આવી છે. તેઓ દ્વારા મોરબી તાલુકા પોલીસ મથકમાં ફરજ બજાવતા સબળ સિંહ સોલંકીને સસ્પેન્ડ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, એક મામલામાં ફરિયાદ નોંધવાની કામગીરીમાં ગંભીર બેદરકારી દાખવવા બદલ એસપી દ્વારા આ સસ્પેન્શનનો આદેશ આપવામાં આવ્યો છે. રેન્જ આઈજીની મુલાકાત બાદ તરત જ લેવાયેલા આ કડક પગલાને લઈને મોરબી જિલ્લાના સમગ્ર પોલીસ બેડામાં ભારે સોપો પડી ગયો છે. ફરજ પ્રત્યેની નિષ્કાળજી કે લાપરવાહી જરા પણ સાંખી લેવામાં નહીં આવે તેવો સ્પષ્ટ સંદેશ આ કાર્યવાહીથી આપવામાં આવ્યો હોવાનું ચર્ચાઈ રહ્યું છે.